ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૬ | ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ | પાના-૧૬ | વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## મહાવીરના બોધને પાત્ર કોણ ?

મુંબઈ, ફાગન સુદ ૬, ૧૯૪૬

૧. સત્પુરુષના ચરણનો ઈચ્છુક,
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭. એકાંતવાસને વખાણનાર,
૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯. આહાર, વિહાર, નિહારનો નિયમી,
૧૦. પોતાની ગુરુતા દબાવનાર.

એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્દશાને પાત્ર છે. પહેલા જેવું એક્કે નથી.

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૧૦૫**

## શ્રીમદ્ રાજચંદ્ર

વિશ્વવત્સલ ભગવાન મહાવીરના ધર્મશાસનમાં છેલ્લા ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં અનેક ધર્મપ્રભાવક મહાન પુરુષો થઈ ગયા છે. એ બધામાં પણ પોતાની અસાધારણ પ્રતિભા, વિશિષ્ટ શાસન પ્રભાવના અને વિપુલ સાહિત્ય સર્જન આદિને કારણે શ્રીમદ્ રાજચંદ્ર આગળ તરી આવે છે. તેમનું મૌલિક સાહિત્ય તત્ત્વજ્ઞાનની ગહનતાથી ભરપૂર છે. તેમણે અનેક વિષયો પર સફળતાપૂર્વક કલમ ચલાવી છે. વિદ્વાનોને પણ વિચાર કરતા કરી મૂકે એવા તાત્ત્વિક ગહન ગ્રંથો લખ્યા છે, તેમ સહુ કોઈ સરળતાથી સમજી શકે એવું લોકભોગ્ય સાહિત્ય પણ સર્જ્યું છે. ગદ્યમાં લખ્યું છે અને પદ્યમાં પણ - વિવેચનો પણ લખ્યાં છે અને ભાષાંતરો પણ.

એક વિશિષ્ટતા એ પણ છે કે તેઓ જૈન શાસ્ત્રના પારંગત તો હતા જ, પરંતુ અન્ય દર્શનોના પણ અભ્યાસી હોવાથી એમના સાહિત્યમાં એમની એ વ્યાપક વિદ્વતા અને સમન્વયાત્મક ઉદાર દ્રષ્ટિના સુભગ દર્શન થાય છે તેમની કવિતા જોતા લાગે છે કે તેઓ કોઈ મહાન કવિ ન હતા છતાં કવિતાનું અભિવ્યક્તિ સામર્થ્ય તેમનામાં હતું. તેમના પદોની રચનાની અપૂર્વતા નોંધપાત્ર છે. એમનું દાર્શનિક સાહિત્ય એમની વિલક્ષણ પ્રતિભાનો સુંદર પરિચય કરાવે છે. એમણે રચેલા પદો વારંવાર મનન કરવા યોગ્ય છે જે તેમના આંતરવૈભવનો પરિચય આપે છે. આ મહાત્માએ પોતાના શાસ્ત્રજ્ઞાન અને અનુભવજ્ઞાનનો નિચોડ તેમના સાહિત્યમાં આપી દીધો છે. અલબત્ત તેમના સાહિત્યનો રસાસ્વાદ અનુભવવા જૈન પરિભાષા અને સિદ્ધાંતોનું જ્ઞાન આવશ્યક છે. શ્રીમદના લખાણોની બીજી એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું છે તે જ તેમણે લખ્યું છે તેથી ક્યાંય કૃત્રિમતા જોવા મળતી નથી પંડિત સુખલાલજીના મત પ્રમાણે વીસમી શતાબ્દીમાં ગંભીરતા, મૌલિકતા અને મધ્યસ્થતાની દ્રષ્ટિએ શ્રીમદ્ રાજચંદ્રના લખાણોની સાથે સરખાવી શકાય એવા પુસ્તકો અલ્પ જોવા મળે છે. એમના સાહિત્યમાં જૈન સમાજમાં નવીન પ્રજાને કેળવણી સાથે ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સંબંધી જૈન શિક્ષણ આપી શકે એવી ક્ષમતા પણ છે. તેથી આધુનિક સમગ્ર જૈન સાહિત્યની દ્રષ્ટિએ અને વિશેષ કરી જૈન તત્ત્વજ્ઞાન અને ચારિત્રવિષયક ગુજરાતી સાહિત્યની દ્રષ્ટિએ શ્રીમદ્‌ના લખાણોનું ભારે મૂલ્ય છે, તેમાં ક્યાંય પાંડિત્યતા નથી પણ સહજપણે ઉગેલી આધ્યાત્મિકતાના દર્શન થાય છે. વીસ દોહા, આત્મસિદ્ધિ, ક્ષમાપનાપાઠ વગેરેનું મહત્ત્વ અત્યંત છે! એ તો આત્મસ્વરૂપ પામેલા, આ કળિકાળમાં દુર્લભ એવા પુરુષની વાણી છે. એમના સાહિત્યમાં ધર્મ તેમ જ તત્ત્વચિંતન વિશેનું તેમનું મૌલિક દ્રષ્ટિબિંદુ સ્પષ્ટ

થાય છે જે અપૂર્વ છે - કાળલબ્ધિની પ્રાપ્તિ હોવાથી તેમના લખાણોમાં સત્ નીખરી રહ્યું છે. અંતમાં, તેમના અનુભવના નિચોડરૂપ તેમના વચનો જે દ્વારા શ્રીમદ્જીએ મોક્ષમાર્ગની પ્રાપ્તિ અને આત્મસિદ્ધિ માટેનું ગુપ્ત રહસ્ય પ્રગટ કર્યું છે, તે અમૃતતુલ્ય, અદ્ભુત વચનો જે શ્રીમદ્ રાજચંદ્રે પ્રકાશ્યા છે તે

અહો, સત્પુરુષના વચનામૃત,
મુદ્રા અને સત સમાગમ!
સુષુપ્ત ચેતનાને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર
દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક
સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત સંયમ અને
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત,
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર!
ત્રિકાળ જયવંત વર્તો
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ **(પત્રાંક ૮૭૫)**

આ રીતે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ અને સર્વોત્કૃષ્ટ શુદ્ધિ આપનાર સત્પુરુષના વચનામૃતનું માહાત્મ્ય છે. સં ૧૯૫૫માં આ અમૃતપત્ર લખીને મુમુક્ષુ પર પરમ ઉપકાર કર્યો છે. શ્રીમદ્જીએ લખેલ સાહિત્ય સહુને હિતકારી અને કલ્યાણકારી થાઓ.

આવા મહાન જ્ઞાની, આત્મજ્ઞ સંતપુરુષ પરમકૃપાળુ શ્રીમદરાજચંદ્રને ભાવપૂર્વક વંદન કરી જીવન સફળ કરીએ. - **ડૉ. કોકીલા હેમચંદ્ર શાહ, ''જૈન સાહિત્યના અક્ષર-આરાધકો'' પુસ્તકમાંથી સાભાર**

## પોતે પાત્ર ન હોય તો બધું અફળ જાય

શ્રીમદ્ના વચનયોગથી એક એ વિશિષ્ટ બોધ મળ્યો અને મળે છે કે અનાદિકાળ જોતાં પૂર્વે અનંતકાળ વહી ગયો, તેમાં અનેક તીર્થંકરાદિ પરમ સત્પુરુષોનો યોગ થયો. આત્માર્થ સાધી શકાય એવા પ્રબળ નિમિત્તોનો યોગ આવી ગયો, પણ આ જીવ કદી પણ તૈયાર ન હતો અને હજી પણ નથી. નિમિત્તો તો મળી ચૂક્યા, પણ ઉપાદાનનું ઠેકાણું નહોતું અને હજી પણ નથી, અને હજી પણ નિમિત્તો મળશે પણ ઉપાદાનનું ઠેકાણું નહીં હોય, પોતાની તૈયારી નહીં હોય, પોતે પાત્ર તૈયાર કરી રાખેલ નહીં હોય તો તે નિમિત્ત પણ અફળ જશે. વરસાદ તો તેની મોસમમાં વહેલો કે મોડો વરસે છે, પણ તે ઝીલવા ચોખ્ખું પાત્ર તૈયાર રાખી ન મૂક્યું હોય તો અવશ્ય તે અફળ જાય. તેમાં કાંઈ વરસાદનો દોષ નહી, પાત્રની તૈયારીના અભાવરૂપ દોષ, ક્ષેત્ર ખેડી રાખ્યું હોય, શુદ્ધ કરી તૈયાર રાખ્યું હોય તો યથાસમય વરસાદ વરસી બીજા ધાન યોગ્ય થઈ શકે, પણ ક્ષેત્ર શુદ્ધિ ન હોય તો વરસાદ શું કરે? અફળ વરસી જાય. યોગ્ય થવા, પાત્ર થવા જીવને ખરી જિજ્ઞાસા આવવી જોઈએ, મુમુક્ષુતા જાગવી જોઈએ, ઐહિક સુખની લાલસા દૂર થવી જોઈએ, ઓછી થતી જવી જોઈએ. પરમ વિનયભાવ આવવો જોઈએ, તત્ત્વનો નિર્ણય થવો જોઈએ, તે થવા વિશાળ બુદ્ધિ, મધ્યસ્થભાવ, સરળવૃત્તિ, નિર્દંભપણું અને મન તથા ઈંદ્રિયો પર કાબૂ ઈત્યાદિ આવવા જોઈએ. એ બધાં પાત્ર થવાનાં, તત્ત્વ પામવાનાં, તૈયારીના લક્ષણ છે. જીવે જો આ તૈયારી કરી રાખી હશે તો અવશ્ય એને 'પમાડે' એવાં પ્રબળ નિમિત્તનો યોગ થઈ રહેશે અને એવાં પ્રબળ નિમિત્તો અફળ નહીં જાય. -**શ્રીમદ્ રાજચંદ્ર, ''મુમુક્ષુઓ દ્વારા જણાવેલ પ્રેરક પ્રસંગો'' પુસ્તકમાંથી સાભાર, પ્રેષક: દિનેશ દેઢિયા**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| મહાવીરના બોધને પાત્ર કોણ? | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| શ્રીમદ્ રાજચંદ્ર | કોકિલાબેન શાહ | ૧ |
| ડાયરી બોલે છે-ભાગ ૨જો | નિમીત્ત માત્ર, તંત્રી | ૩ |
| સખ્યમ્ આત્મનિવેદનમ્ | વિમલા ઠકાર | ૪ |
| શ્રધ્ધા | ગાંધીજી | ૫ |
| વિશ્વને પ્રેમની જરૂર | પૂ. મોરારી બાપુ | ૬ |
| દેશના અર્થતંત્રની કરોડરજ્જુ | સૌ.વજાનુ વાત્સલ્ય | ૭ |
| અજોડ સેનાપતિ | સં.જવંલત છાયા | ૮ |
| અહિંસાનો પ્રભાવ | બલરામ કારિયા | ૯ |
| સહજતાનો સ્વીકાર | ઓશો | ૯ |
| આકાશવાણી | દીજો | ૧૦ |
| અનહદ બાની | સુભાષ ભટ્ટ | ૧૦ |
| જીવામૃતનો નવતર પ્રયોગ | અનુ.રાહુલ શેઠિયા | ૧૧ |
| બિલ ગેટસ | | ૧૨ |
| બાજ પક્ષી | પ્રે. દિનેશ દેઢિયા | ૧૨ |
| જનસેવા | મનિષ રાવલ | ૧૩ |
| બાપુની ઈશ્વરનિષ્ઠા | ભદ્રાયુ વછરાજાની | ૧૪ |
| કવિતા - જીવનનો સ્રોત | હેનરી વર્ડસવર્થ | ૧૫ |
| અતિખરાબ અંતિમ હોતું નથી | કૃષ્ણકાંત ઉનડકટ | ૧૬ |


**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો ... શ્રીમદ્ રાજચંદ્ર**

## ડાયરી બોલે છે - ભાગ ૨જો

<u>તા.૯.૪.૧૯</u> ના સવારે ઘોલવડથી વિહાર કરી દેહરી ગામમાં પહોંચ્યા. દેરાસર ઉપાશ્રય છે પણ ઉપાશ્રયની ચાવી ટ્રસ્ટી પાસે રહે છે જે ઉમરગાંવ રહે છે, તેથી રાજેન્દ્ર મિશ્રીમલજી કાંકરિયાના ઘરે રહ્યા. સવારની અને બપોરની ગોચરી ત્યાં જ કરી. ભાવિક શ્રાવક છે. તેમના બેને દીક્ષા લીધેલ છે. ભાઈઓ લંડન રહે છે. ઘાસના વેપારી-દલાલી કરે છે. હમણાં ૧૨/૧૪ રૂા. સુકા ઘાસના ભાવ છે. ત્યાંથી સાંજે વિહાર કરી ઉમરગાંવ શૈલેશભાઈ ગાલાને ત્યાં પહોંચ્યો. સાંજે દુધ વાપરી રાત્રિ રોકાણ ત્યાં કર્યું. સવારે નોકારશી કરી ગીતાબેન જૈનને મળવા જવાનું નક્કી કરેલ ત્યાં ગીતાબેનનો સામેથી ફોન આવ્યો કે તેઓ અને દિપકભાઈ અહિંજ મળવા આવશે. મળી ગયા. ખાસ તો પરીમલ મહેતા અમેરિકાથી આવવાના છે તેમની ભલામણ કરવાની હતી. બંનેને ફોન પર વાત કરાવી દીધી. સાંજે ૪ વાગે ત્યાંથી નીકળી નારગોલ જવા વિચારેલ. પણ છેલ્લી મીનીટે શૈલેશભાઈએ ધીરૂભાઈના ફાર્મમાં ગોઠવણ કરેલ તેથી બંને સાથે નીકળ્યા. મને એમ કે ૭/૮ કિ.મી. વિહાર હશે પણ ૧૫ કિ.મી. વિહાર થયો. તેથી સ્થળે રાત્રે ૮ વાગે પહોંચ્યા. રસ્તામાં શૈલેશભાઈને અમારી સાધનાની વાતો કરી. મોટો થેલો પણ તેમણે જ ઉપાડેલ. રાતે થોડો સત્સંગ થયેલ. ઉમરગાંવથી નીકળતી વખતે, ''જેને હરિ તણો આધાર'' મકરંદ દવેનું ભજન સંભળાવી પ્રયાણ કરેલ. અહિં એક સામાનની બેગ ઓછી કરી, જે અમદાવાદ જયેશભાઈને ત્યાં પહોંચાડી દેશે.

ઈશ્વર કેટલો બધો ખ્યાલ રાખે છે એ પ્રતીતિ થઈ.

૧. ૬/૪ ના વિહાર શરૂ થયો. બે થેલા બનાવેલા જે બંને ખભે એક એક રહે એમ વિચારેલ. પણ છેલ્લી ઘડીએ અમૃતલાલભાઈ દોશી ઘાટકોપરથી ચિંચણી આવેલા તેઓ સ્કુલ બેગ લાવેલા અમે તો મંગાવેલ નહીં પણ તેમને સહજ સુઝેલ તેથી લાવેલા. પછી તો બે થેલાને બદલે આ સ્કુલ બેગમાં સામાન ભરીને યાત્રા થઈ રહી છે. પાછળ સહજ પીઠ પર લટકી જાય એટલે ભાર વહેંચાઈ જાય. બંને હાથ છુટા રહે. આમ આરામદાયક ભાર થઈ ગયો આનાથી યાત્રા સુખરૂપ થઈ રહીં છે.

૨. શાંતીલાલભાઈ ગડા ૬/૪, ના તેમનું પરિવાર સંમેલન હતું તેથી આવવાના નહોતા પણ સોશીયલ ફંક્શનમાં પરિવારને મોકલી તેઓ ચિંચણી આવી ગયેલ. તેમણે જ બધું પેકીંગ ગોઠવી દીધેલ. આ પણ કૃપા.

૩. આજે જો ગીતાબેનને ત્યાં જઈને સાંજે વિહાર થાત તો યાત્રા ૬ કિમી. વધી જાત. ગીતાબેન જાતે આવીને મળી ગયા તેથી યાત્રા ૬ કિમી. ઘટી ગઈ.

આમ તો આ નાની નાની ઘટનાઓ લાગે, અમારે મન તો આ બધો ગુરૂકૃપાનો જ પ્રતાપ છે.

૧૦/૪ સાંજે ૪ વાગે નારગોલ તરફ વિહાર શરૂ કર્યો. અડધે રસ્તે જેના ફાર્મમાં જવાનું હતું તે ધીરૂભાઈ સામે આવેલા તેથી તેમની ગાડીમાં સામાન મૂકી દીધો. ધીરૂભાઈ અત્યંત ધીમી ગતિએ ગાડીની લાઈટ કરીને અમારી સાથે જ ચાલી રહ્યા. ૮ વાગે ફાર્મ પર પહોંચ્યા.

સાંજનો વિહાર ૫-૭ કિ.મી. થી વધારે ન કરવો એમ વિચારેલ છે પણ ગણત્રીમાં ભૂલ થવાથી સાંજે ૧૫ કિ.મી. જેટલો વિહાર થયો. એક રીતે સારુ થયું કેમકે અહિંથી ફણસા ૭ કિ.મી. જ છે. કાલથી આયંબિલ ઓળી શરૂ થાય છે. જેથી સવારે ફણસા સહજ પહોંચી શકાશે. ૧૧/૪ ના ફણસા ઉપાશ્રયમાં પહોંચ્યા. શ્રાવકોની ભક્તિ સારી છે. અહિં ગરમ પાણી ઘરે ઘરે થાય છે. સાધુ સંતોને શ્રાવકના ઘરેથી જ સહજ અચેત ઉકાળેલ પાણી મળી રહે છે. આયંબિલ કરનાર પણ પાણી લઈને જ આંબેલ કરવા આવે છે.

વિહાર ઘરે કે યાત્રામાં હોઈએ તો પણ છેલ્લા દસેક વરસથી બંને ઓળી સહજ થાય છે.

અહિં એક દીક્ષાર્થી મુમુક્ષુ જયેશભાઈનું બહુમાન હતું. બપોરે તેમાં હાજર રહેવાનું થયું. પછી ઉપાશ્રયમાં શ્રીપાલ રાસનું વાંચન કર્યું. સત્સંગ કર્યો શ્રીપાલરાસ અથથી ઈતિ સ્વાધ્યાય થયો. આયંબિલની સારી શરૂઆત થઈ.

ફણસાથી સવારે ૧૨/૪ ના નાની દમણ પહોંચ્યા ત્યાંના શ્રાવક કિશોરભાઈ છાજેડે ૧ બેગ ત્યાં મોકલી આપેલ. અંતર ૭ કિ.મી. છે. ૧૩/૪ ના નીકળી સવારે ૮ વાગ્યે ઉદવાડા દેરાસરમાં પહોંચ્યા.

અહિં એક ઘટના બની. **- નિમિત્ત માત્ર, તંત્રી**

**ક્રમશ:**

**દરિદ્ર ઔર ધનીકી પહચાન ક્યા ?**
**જિસકો પ્રાપ્ત વસ્તુ આદિમેં સન્તોષ નહીં હૈ ઔર અપ્રાપ્તકી ઈચ્છા હોતી હૈ, વહ 'દરિદ્ર' હૈ. ઉસકે પાસ ધન ન હો તો ભી દરિદ્ર હૈ, ધન હો તો ભી દરિદ્ર હૈ. જિસકો પ્રાપ્તમેં સન્તોષ હૈ ઔર અપ્રાપ્તકી ઈચ્છા નહીં હૈ, વહ 'ધની' હૈ. ઉસકે પાસ ધન ન હો તો ભી ધની હૈ, ધન હો તો ભી ધની હૈ. - શ્રીરામસુખદાસજી મહારાજ**

# સખ્યમ્ આત્મનિવેદનમ્

અધ્યાત્મ-જીવનનો પ્રારંભ આસ્તિકતાથી થાય છે. આ આખું વિશ્વ એક સ્વયંભૂ ઘટના છે, સ્વયં નિયંત્રિત છે. કોઈ સત્તાને કારણે આ વિશ્વ પ્રગટ થયું છે, એ જે જાણે છે તે આસ્તિક છે. તે સત્તા કેવી છે, સત્તા છે કે વ્યક્તિ છે કે શક્તિ છે, એ ખબર ન હોય તો એની ચિંતા નહીં. 'तव तत्त्वं न जानामि, किदृसोऽसि महेश्वरः। यादृशोऽसि महादेवः तादृशाय नमोनमः।' ક્યાં છે, કેવી છે તે શક્તિ, તે વ્યક્તિ કે સત્તા તે હું જાણતી નથી, પરંતુ તે છે, અને તે છે માટે હું મારા જીવનમાં નિશ્ચિંત છું. પરમાત્માની સત્તાને કારણે નિશ્ચિંતતાનો એક સ્થાયી ભાવ જેના દિલમાં જાગી ઊઠે છે, તે આસ્તિક બની ગયો. તે પરમાત્મા બધું જુએ છે, બધું સાંભળે છે, બધાનો કર્તા છે — આ જ્ઞાન જો થઈ જાય તો માનવીય સંબંધોમાં પણ એક પ્રકારની નિશ્ચિંતતા આવી જાય છે. ભારતમાં સંતોએ ગામેગામ આ પરમાત્માના હોવા વિષેની વાત, પોતાની સરળ શૈલીમાં ભજનો દ્વારા કરીને કથાઓ દ્વારા 'રંજનાત્મકમ્ શિક્ષણમ્' કર્યું છે.

એક વાર હું કેદારનાથ જતી હતી. કેટલાક મારા સાથીઓ ઘોડા પર બેઠા હતા. હું પગે ચાલીને જતી હતી. એક અંધજન પણ ચઢી રહ્યા હતા. એમનો હાથ પકડીને ચલાવનાર નેપાળી શેરપાએ એમને પૂછ્યું, ''બાબુજી, તમારે તો આંખ નથી અને તમે કેદારનાથ દર્શન કરવા જાઓ છો?'' મેં વાત સાંભળીને પાછળ જોયું. એ અંધજન હસીને બોલ્યા, ''હું આંધળો છું પણ પરમાત્મા તો આંધળા નથી ને! તેઓ મને જોશે.'' આ જે બળ છે, જે શક્તિ છે 'તે સત્યે પ્રતિષ્ઠિતા ધારણા શ્રદ્ધા' — એ સત્ય છે કે પરમાત્મા છે, આ વિશ્વ એ પરમાત્માએ બનાવેલું છે, એ સર્વત્ર છે, સર્વદા છે, એ જ સર્વરૂપ સર્વાકાર બનેલો છે. આ જો મનમાં દ્રઢ થઈ જાય તો માનવીય સંબંધોમાં, મનુષ્યના ચિત્તમાં બહુ જ મોટો આંતરિક વિશ્વાસ જન્મે છે, એક શક્તિ પ્રગટે છે. પછી ભલે ને સુખ આવે કે દુ:ખ આવે, લોકો અપમાન કરે કે સન્માન કરે કે પછી ઉપેક્ષા કરે, એમાં કોઈ ફરક પડતો નથી. આસ્તિકતાનું બીજું લક્ષણ છે કે આ શરીર મળ્યું છે, એમાં બહુ જ શક્તિશાળી ઈન્દ્રિયો છે. એ ઈન્દ્રિયોમાં પણ શક્તિ છે. કોઈ પણ શક્તિ, કોઈ પણ ઊર્જા નિષ્ક્રિય નથી પડી રહેતી. તો એ શક્તિઓનો, એ ઊર્જાઓનો ઉપયોગ કરીને કર્મ કરવું. એ શક્તિઓનો ઉપયોગ કેવી રીતે, ક્યાં અને ક્યારે કરવો અને સમજી-વિચારીને કરવો એ માનવજીવનનું ગૌરવ છે. કર્મ એ જીવનનો પથ બની જાય છે. આપણા દેહમાં સમાયેલી શક્તિઓએ એ માર્ગ પ્રશસ્ત કર્યો છે, તેથી તો કહેવું પડ્યું, 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન.'

જ્યાં સુધી દેહમાં પ્રાણ છે, કર્મ કરતાં રહો એ આસ્તિકતાનું બીજું લક્ષણ છે. ક્રિયામાં અને કર્મમાં મૂળભૂત અંતર છે. પરવશ જે ગતિ થાય છે, તે ક્રિયા છે. મને કહ્યું, ઈચ્છા થઈ અને શરીરે ગતિ આપી. વાસના ઊઠી, ડર લાગ્યો, કંઈક કરી બેઠા, એ ક્રિયા છે. તે કર્મ નથી. કર્મ સ્વાયત્ત હોય છે. સમજી-વિચારીને, એનો હેતુ શું છે, એની પદ્ધતિ શું હશે, એનું સંભવિત પરિણામ શું હશે, એ બધું વિચારીને માણસ જવાબદારીપૂર્વક કરે છે, એ કર્મ છે. જવાબદારી વગર થયા કરે એ ક્રિયા છે. વિનોબાજી કહેતા કે 'ક્રિયાગ્રસ્ત' માણસનું ચિત્ત ક્રિયાઓમાં જ ડૂબેલું રહ્યું તો એ કર્મ ક્યારે કરશે? તો કર્મને માર્ગે જવું એટલે જવાબદારી વગર ઈચ્છાઓ, વાસનાઓની પાછળ દોડતા દોડતા બેધ્યાનપણે, બેદરકારીથી પોતાના હાથે કંઈ એવું ન થઈ જાય એ માટે સાવધાન રહેવું, ખબરદાર રહેવું. સાવધાન રહેવું કે કર્મ ક્રિયામાં પરિવર્તન ન પામે. કર્મ થતું રહે.

પહેલે દિવસે તમે પૂછેલા પ્રશ્નોમાં એક પ્રશ્ન હતો કે શું કર્મ અધ્યાત્મ બને? કર્મ જ અધ્યાત્મ બને છે, અને કર્મ જ જીવન જીવવાની, જીવનશુદ્ધિની, ચિત્તશુદ્ધિની, પ્રભુએ આપેલી શક્તિઓનો સદુપયોગ કરવાની સાધના બને છે, તો આસ્તિકતાનાં આ લક્ષણ છે.

આધ્યાત્મિક જીવનનો પ્રારંભ આસ્તિકતાથી થાય છે, અને તે આસ્તિકતા કર્મમાં પ્રગટ થાય છે. મારે તમને બે વાત કહેવી છે. આધ્યાત્મિક સાધનાને નામે, વૈરાગ્યને નામે લોકો કર્મથી વિમુખ બની જાય છે, જીવનવિમુખ બને છે, સંબંધોથી વિમુખ બને છે, અને એક નવો ખાસ વર્ગ ખડો થઈ જાય છે. એક એવો પરોપજીવી વર્ગ, જે શ્રમ નથી કરતો પણ બીજાના શ્રમનું, બીજાની ભાવનાઓનું શોષણ કરીને જીવે છે, અધ્યાત્મજીવનને આમાંથી મુક્ત કરવાની જવાબદારી મારી અને તમારી છે, તેથી આત્મ સાધના માટે, અધ્યાત્મ માટે સંબંધોથી, સમાજથી દૂર જઈને વનવાસ કરવાની જરૂર નથી હોતી. હા, કેટલોક સમય કોઈ વિશિષ્ટ હેતુ માટે માણસ એકાંતમાં જઈને રહે, શક્તિ પ્રાપ્ત કરે એ અલગ બાબત છે; પણ અધ્યાત્મ-જીવનની દિશા નિષ્ક્રિયતાની, કર્મથી વિમુખ થવાની કે જીવનથી વિમુખ થવાની નથી. જીવન તો પરમાત્માની અભિવ્યક્તિ છે.

**- વિમલા ઠકાર**

## ગાંધીજીની દ્રષ્ટિએ શ્રધ્ધા

શ્રદ્ધા વિના તો આ દુનિયા ક્ષણવારમાં શૂન્યમાં મળી જાય. જે માણસોએ પ્રાર્થના અને તપસ્યાથી પવિત્ર થયેલું જીવન ગાળ્યું છે એમ આપણે માનીએ તેના બુદ્ધિશુદ્ધ અનુભવનો આપણે ઉપયોગ કરવો એનું નામ તે સાચી શ્રદ્ધા. તેથી અતિ પ્રાચીન યુગમાં થઈ ગયેલા ઋષિઓ, પેગંબરો અને અવતારો પર શ્રદ્ધા રાખવી એ નર્યો વહેમ નથી, પણ અંતરમાં ઊંડે ઊંડે જે આધ્યાત્મિક ભૂખ રહેલી છે તેની તૃપ્તિ છે. **- નવજીવન, ૧૭-૪-૧૯૨૭ ; અક્ષરદેહ-૩૩ (૧૯૭૪)૨૨૦**

જે માણસમાં શુદ્ધ શ્રદ્ધા છે તેની બુદ્ધિ જાગ્રત હોય. તે પોતાની બુદ્ધિથી જાણે છે કે બુદ્ધિથી પણ વધારે - પર - એક વસ્તુ છે. અને તે શ્રદ્ધા છે. જ્યાં બુદ્ધિ નથી પહોંચી શકતી ત્યાં શ્રદ્ધા પહોંચે છે. બુદ્ધિનું મૂળ મગજમાં છે, શ્રદ્ધાનું હૃદયમાં છે. અને એ તો જગતનો અવિચ્છિન્ન અનુભવ છે કે બુદ્ધિબળથી હૃદયબળ હજારોગણું વધારે છે... શ્રદ્ધાથી બુદ્ધિનું ક્ષેત્ર જુદું છે. શ્રદ્ધાથી અંતરજ્ઞાન અને આત્મજ્ઞાનની વૃદ્ધિ થાય છે, એટલે કે અંત:શુદ્ધિ થાય છે. બુદ્ધિથી બાહ્ય જ્ઞાન અથવા ભૌતિક જ્ઞાનની વૃદ્ધિ થાય છે. અંત:શુદ્ધિ સાથે તેનો કાર્યકારણનો સંબંધ નથી। અતિશય બુદ્ધિશાળી લોકો અતિશય ચારિત્ર્યહીન પણ જોવામાં આવે છે. પણ શ્રદ્ધાની સાથે ચારિત્ર્યશૂન્યતા હોઈ જ નહીં શકે. **- નવજીવન, ૯-૧૦-૧૯૨૯ ; અક્ષરદેહ-૪૧ (૧૯૭૭)૪૨૭**

**(૧૯૩૭ ફેબ્રુઆરી ૨૫, સેગાંવ, ડૉ. ક્રેન સાથે ચર્ચા)**

**ડૉ. ક્રેન:** બુદ્ધિગમ્ય વસ્તુઓ એટલે આપ શું કહેવા માગો છો?

**ગાંધીજી:** હા, કેટલાક વિષયો એવા છે જેમાં બુદ્ધિ આપણને બહુ દૂર લઈ જતી નથી, એટલે આપણે અમુક વસ્તુઓ શ્રદ્ધાથી સ્વીકારવી પડે છે. એ વખતે શ્રદ્ધા એ બુદ્ધિની વિરોધી નથી હોતી, પણ બુદ્ધિથી પર હોય છે. શ્રદ્ધા એક જાતની છઠી ઈન્દ્રિય છે, ને જે વસ્તુઓ બુદ્ધિને અગમ્ય હોય છે, જેમાં બુદ્ધિ ચાલી જ નથી શકતી તેમાં શ્રદ્ધા કામ આવે છે. એટલે આ ત્રણ કસોટી વડે ધર્મને નામે રજૂ થતી બધી વસ્તુઓને તપાસી જોતાં મને કશી મુસીબત આવતી નથી. દાખલા તરીકે ઈશુ એ ઈશ્વરનો ઔરસ પુત્ર છે એમ માનવું એ મને બુદ્ધિનું વિરોધી લાગે છે, કેમ કે ઈશ્વર કંઈ પરણીને પ્રજોત્પત્તિ કરી ન શકે. એટલે અહીં 'પુત્ર' શબ્દ અલંકારના અર્થમાં જ વાપરી શકાય. એ અર્થમાં ઈશુની સ્થિતિએ પહોંચેલો દરેક મનુષ્ય ઈશ્વરનો ઔરસ પુત્ર છે. કોઈ માણસ આત્માના વિકાસની બાબતમાં આપણા કરતાં સેંકડો કોસ આગળ હોય તો આપણે કહીએ કે એ અમુક વિશિષ્ટ અર્થમાં ઈશ્વરનો પુત્ર છે, જોકે ઈશ્વરનાં બાળકો તો આપણે સહુ છીએ પણ આપણે આપણાં જીવનમાં ઈશ્વર સાથેની એ સગાઈ વિસારી મૂકી છે, જ્યારે પેલા માણસના જીવનમાં એ સંબંધનું પ્રત્યક્ષ દર્શન પળે પળે થાય છે.

**- હરિજનબંધુ, ૭-૩-૧૯૩૭ ; અક્ષરદેહ-૬૪ (૧૯૮૧) ૪૨૬**

**(૧૯૩૯ ડિસેમ્બર ૧૮, સેગાંવ, એક પત્રલેખકને)**

મારી શ્રદ્ધાએ મને હંમેશા ભયસ્થાનોમાંથી ઉગાર્યો છે અને આજે પણ ઉગારી રહી છે. કદી એણે મને છેહ દીધો નથી. કોઈને દીધેલો જાણ્યો નથી.

**- હરિજનબંધુ, ૨૪-૧૨-૧૯૩૯ ; અક્ષરદેહ-૭૧ (૧૯૮૬) ૪૮**

**(૧૯૪૨ જાન્યુઆરી ૮, બારડોલી, ખાદી વિદ્યાલયમાં ભાષણ)**

જ્ઞાન વિનાની શ્રદ્ધા શુષ્ક છે, શ્રદ્ધાની પાછળ જ્ઞાનનો ધોધ હોવો જોઈએ. **- હરિજનબંધુ, ૧૮-૧-૧૯૪૨; અક્ષરદેહ-૭૫ (૧૯૯૦) ૨૧૯**

## ગાંધીવાદ

જો ગાંધીવાદ ભૂલની તરફદારી કરતો હોય તો તેનો અવશ્ય ધ્વંસ થાઓ. સત્ય અને અહિંસાનો કોઈ કાળે નાશ નથી., પણ ગાંધીવાદ એ સંપ્રદાયભાવનાનું જ બીજું નામ હોય તો તે ધ્વંસ થવાને લાયક છે. મરણ પછી જો મને ખબર પડી શક્તી હોય અને પડે કે જિંદગીમાં જે જે મેં આરાધ્યું હતું તે માત્ર સંપ્રદાય બનીને જ રહ્યું છે તો મને અત્યંત વેદના થાય. આપણે મૂંગા બની કાર્ય કર્યે જઈએ. કોઈ એમ ન કહે કે હું ગાંધીનો અનુયાયી છું. હું એકલો મારો અનુયાયી બનું એટલું બસ છે. મારો પોતાનો પણ હું કેવો નબળો અનુયાયી છું એ હું જ જાણું છું, કારણ મારી માન્યતાઓને અનુસરતું આચરણ કરી શકતો નથી. તમે બધા મારા અનુયાયી નહીં, પણ સહાધ્યાયી, સહયાત્રી, સહશોધક અને સાથી છો.

**- ગાંધીજી (હરિજનબંધુ:૩-૩-૪૦)**
**'ઝરુખે દીવા' પુસ્તકમાંથી સાભાર.**

# વિશ્વને સૌથી વધુ પ્રેમની જરૂર

જિસસ કહેતા કે વિરોધીઓ સાથે પ્રેમ ન કરો તો તથા કથિત લોકો અને તમારામાં શું ફેર?

ઈશ્વરની પરમ કૃપાથી આપણે સૌ, જ્યાં દુનિયાના ત્રણ ધર્મોની જ્યોતિ પ્રગટી છે એવી શાંત નગરી, જેરુસલેમમાં રામકથા નિમિત્તે ભેગાં થયાં છીએ. વ્યાસપીઠ પોતાની ધારામાં આગળ વધે એ પહેલાં દુનિયાના તમામ ધર્મોની પાવન ચેતનાઓને મારા પ્રણામ; દુનિયાના તમામ ધર્મોના સાધકોને મારા પ્રણામ. ભગવાન ઈસુએ કેટલાંક સૂત્રો આપ્યાં છે. જિસસે પાંચ સૂત્રો આપ્યાં છે. જિસસ બાળકને કહે છે, તમારા જીવનમાં નિશ્ચિત બનો. શ્રીમન્ ભગવાન મહાપ્રભુજી વલ્લભાચાર્યજીએ કહ્યું, 'ચિંતા ન કરો.' અને વાત પણ સાચી છે. ચિંતા કરવાથી કંઈ પુષ્ટ તો નથી થતું, ક્ષય થાય છે. હું સમજું છું કે આ બોલવું બહુ આસાન છે. પરંતુ ખુદ પર આવે ત્યારે ચિંતા ન કરવી એ બહુ જ મુશ્કેલ પણ છે. પરંતુ ઉપાય પણ એ જ છે, ચિંતા ન કરો. હું નરસિંહ મહેતાને યાદ કરું -

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો; આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો.

સત્સંગ કર્યા પછી આપણે જેટલો પણ વિવેક મેળવી શકીએ એટલી ચિંતા ઓછી કરવી. પ્રયોગ કરવા જેવો છે. બીજું, જિસસ કહે છે, શુભચિંતન કરવું. દુશ્મન વિશે પણ શુભ વિચારવું. આ બીજું સૂત્ર ભગવાન ઈસુએ કહ્યું. શિષ્ય પૂછે છે કે, 'અમારા પડોશીને અમે પ્રેમ કરીએ, મિત્રને અમે પ્રેમ કરીએ પરંતુ અમારો જે વિરોધ કરે એની સાથે પ્રેમ કેમ કરીએ?' તો, જિસસ કહેતા હતા કે, 'વિરોધી અને દુશ્મનની સાથે તમે પ્રેમ ન કરો તો જે તથાકથિત લોકો છે એનામાં અને તમારામાં શું ફેર પડ્યો? તમે મારા છો એના માટે દુશ્મનને પણ પ્રેમ કરો.' સુધારવા માટેની આ જ એક સંજીવની છે. જિસસે તો કહ્યું હતું કે મારા માટે પ્રેમ સિવાય કોઈ ઈશ્વર નથી. સમગ્ર વિશ્વ, પોતાના પ્રાંતમાં, સમાજમાં, આજે પરિવારમાં, અરે આ પ્યારી ધરતી પર પરસ્પર પ્રેમની જરૂરત છે. મારાં ભાઈ-બહેનો, આપણને નથી લાગતું કે વિશ્વને આજના સમયમાં જેની સૌથી વધારે જરૂરત છે એમાં એક પ્રેમ છે. પરસ્પર પ્રેમ પ્રસ્થાપિત થઈ જાય તે ખૂબ જરૂરી છે. 'રામચરિતમાનસ'માં તો લખ્યું છે કે રામજીને પૂજા પ્રિય નથી, રામજીને પ્રશંસા પ્રિય નથી. રામજીને પ્રપંચ પસંદ નથી, રામજીને પૈસા પસંદ નથી, પ્રતિષ્ઠા પણ પ્રિય નથી. રામજીને એક જ ચીજ પ્રિય છે અને એ છે પ્રેમ. ગોસ્વામીજીની બહુ જ પ્રસિદ્ધ પંક્તિઓ આપ જાણો છો,

राम की केवल प्रेमपियारा।

जानि लेहूँ जोजान निहारा।

રામજીને કેવળ પ્રેમ પ્રિય છે. સાહસ કરી રહ્યો છું કારણ કે, પ્રેમ એક આગ છે. પરંતુ એ આગમાંથી જે પસાર થઈ જાય છે એ ક્યાંથી ક્યાં પહોંચી જાય છે! બાપ, વિશ્વને આજે પ્રેમની જરૂરત છે.

ત્રીજી વાત, પાપ વિશે સભાન રહો. ખરાબ કામ ન કરીએ તે અંગેની સભાનતા હોય. મૂઢતામાં, બેહોશીમાં કે અભાનપણે કંઈક ખોટું થઈ ગયું, તો પ્રભુ બહુ જ કૃપાળુ છે, માફી કરી દેશે. પરંતુ સમજી વિચારીને સભાનતા પૂર્વક આપણે એવું ન કરીએ.

ચોથું સૂત્ર, ભગવાન ઈસુ કહે છે કે જો સભાનતાપૂર્વક આપણે કોઈ પાપ નથી કર્યું પરંતુ મૂઢતાને કારણે કે અણસમજને કારણે પાપ થઈ ગયું છે તો, સમજ આવે ત્યારે તરત જ પ્રાયશ્ચિત કરી લો; અને અંતમાં, જે મને વિશેષ પ્યારું સૂત્ર છે, પોતાના ઉદ્ધારકનાં ચરણોમાં વિશ્વાસ, ભગવાન ઈસુના બોલ છે. જે આપણને ચોક્કસ લાગે કે આ મારા ઉદ્ધારક છે, પછી એમનાં ચરણોમાં ભરોસો રાખવો એ અદ્‌ભુત વસ્તુ છે. પુષ્ટિ મારગનું શરણાગતિનું પદ જે મારા પ્રિય પદોમાંનું એક પદ છે -

भरोसो दढ इन चरनन करो ।

श्री वल्लभ नस्वचंद्र छटा बिनु ।

सब जग मांहिं अंधेरो...

જિસસ કહે છે, પોતાના ઉદ્ધારક પર પૂરો ભરોસો. આ છે જિસસની બોલીમાં શરણાગતિ. તો, કરુણાથી સભર જિસસ ભગવાન ઈસુના બોલમાં, જ્યાંથી સૂરજ નીકળે છે એની ધૂન સંભળાય છે.

**- મોરારી બાપુ (સંકલન: જયદેવ માંકડ)**

**પ્રણામ અને આશીર્વાદ**

**તમે જ્યારે કોઈ આદરણીય વ્યક્તિ કે કોઈ સંન્યાસીને ખરા મનથી પ્રણામ કરો છો ત્યારે એ વ્યક્તિમાંથી પ્રેમનો એક વિદ્યુતપ્રવાહ વહેવા લાગે છે.... એ તમારા લક્ષ્ય સુધી તમે પહોંચ્યા તે માટેનું બળ આપે છે. શક્તિ તો હંમેશાં હોય જ છે, પરંતુ તેની સાથે તમારો સંપર્ક થવાથી સંવાદિતા સ્થપાય છે અને દ્વૈતભાવ દૂર થાય છે. જેમ વૃક્ષને જળસિંચન કરવાથી ફળ લાગે છે, તેમ આશીર્વાદરૂપી અભિષેકથી તમારી શક્તિનો વિકાસ થાય છે.**

**- શ્રી શ્રી મા આનંદમયી**

## ગાય દેશના અર્થતંત્રની કરોડરજ્જુ !

(ઈ.સ. ૧૯૯૮ માં અખિલ ભારતીય ગૌસેવક સંઘે ગાયની કતલ ન કરવામાં આવે તે માટે કસાઈઓ વિરુધ્ધ કેસ કર્યો હતો. આ કેસમાં શ્રી રાજીવ દીક્ષિતે ગૌસેવક સંઘ તરફથી જે દલીલો કોર્ટમાં કરી હતી એનો એક અંશ આપની સમક્ષ રજૂ કરીએ છીએ)

રાજીવભાઈ : નામદાર કોર્ટને એ જાણવાની જિજ્ઞાસા હશે કે ગાયની કતલ કરવાથી કેટલી કમાણી થાય છે. હું ગણાવું ?

રાજીવભાઈ: નામદાર જ્યુરી! સ્વસ્થ ગાયોનું સરેરાસ વજન ત્રણથી સાડા ત્રણ ક્વિન્ટલ (૩૦૦થી ૩૫૦ કિલો) હોય છે, પણ તેમાંથી જે માંસ નીકળે છે તેનું વજન ૭૦ કિલો જેટલું હોય છે. આ માંસ એક કિલોના રૂા.૫૦/- ના ભાવે નિકાસ કરવામાં આવે છે. તેથી તેમાંથી ૭૦ x ૫૦ = રૂા.૩૫૦૦/- મળે છે. ગાયની કતલ કરવાથી ૨૫ લિટર લોહી મળે છે. તે રૂા.૧૫૦૦/- થી રૂા.૨૦૦૦/- માં વેચાય છે. ૩૦-૩૫ કિલો હાડકાં અને ઊતરડેલાં ચામડાંના રૂા.૧૦૦૦/- થી રૂા.૧૨૦૦/- ઊપજે છે. આમ એક સ્વસ્થ ગાયની કતલથી કુલ રૂા.૭૦૦૦/- જેવી કમાણી થાય છે.

જજ : આ આંકડાઓ સાથે પ્રતિવાદીઓ સહમત છે ?

પ્રતિવાદી: હા સાહેબ,આંકડાઓ બરાબર છે.

રાજીવભાઈ : નામદાર કોર્ટ જો પરમિશન આપે તો હું જણાવવા માગું છું કે જો ગાયની કતલ ન થાય તો શું થાય ? કેટલી કમાણી થાય ? જણાવું ?

કોર્ટ : જણાવો.

રાજીવભાઈ : દરેક ગાય રોજ સામાન્યપણે ૧૦ કિલો ગોબર આપે છે. એક કિલો ગોબરમાંથી ૩૩ કિલો ઑર્ગેનિક ખાતર બને છે.

કોર્ટ: હાઉ ઈટ ઈઝ પૉસિબલ? એક કિલો ગોબરમાંથી ૩૩ કિલો ખાતર ?

રાજીવભાઈ: માય લૉર્ડ, આપ મને થોડો સમય આપો અને થોડી જગ્યા આપો તો હું આ પ્રૅક્ટિકલી કરી બતાવું. જજની પેનલે રજા આપી એટલે એક કિલો ગોબર અને બીજી સામગ્રી લાવી રાજીવભાઈએ ૩૩ કિલો ખાતર બનાવ્યું.

રાજીવભાઈ: નામદાર કોર્ટને મારી વિનંતી છે કે આઈ.આર.સી.ના કોઈ વૈજ્ઞાનિકને બોલાવી મારા બનાવેલા ખાતરની ગુણવત્તા ટેસ્ટ કરાવો. કોર્ટે ટેસ્ટ કરાવ્યો. વૈજ્ઞાનિકોનો જે ટેસ્ટ રિપોર્ટ આવ્યો તેમાં લખ્યું હતું કે આ ખાતરમાં જમીનને ફળદ્રુપ બનાવવા જરૂરી બધા જ ૧૮ માઈક્રોન્યુટ્રીઅન્સ છે, જેવા કે મેંગેનીઝ, ફોસ્ફેટ, પોટેશિયમ, કૅલ્શિયમ, આયર્ન, કોબાલ્ટ, સીલીકોન વગેરે...

રાજીવભાઈ : કોર્ટને સંતોષ થયો હોય તો હું એ પણ જણાવવા માગું છું કે આર્ટિફિશિયલ ખાતર કરતાં આ ખાતર ૧૦ ગણું વધારે ગુણવત્તાસભર હોય છે.

રાજીવભાઈ: હવે ગોબરમાંથી બનેલા ખાતરનું શું ઊપજે તે જણાવું. એક કિલો ઑર્ગેનિક ખાતર ઈન્ટરનૅશનલ માર્કેટમાં રૂા.૬.૦૦ કિલોના ભાવે વેચાય છે. એક ગાયના એક દિવસના ૧૦ કિલો ગોબરમાંથી ૩૩૦ કિલો ખાતર બને તેના રૂા.૬/- ના ભાવે રૂા.૧૮૦૦/- થી ૨૦૦૦/- ઊપજે. ગાય ત્રણસો પાંસઠ દિવસ ગોબર આપે છે, તેમાં રજા નથી હોતી તેથી એક વર્ષની રૂા.૧૮૦૦ x ૩૬૫ દિવસ = રૂા.૬,૫૭,૦૦૦/- ની કમાણી થાય. ગાયનું સરેરાશ આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે. તેથી જીવન પર્યંતમાં તે રૂા.૬,૫૭,૦૦૦/- x ૨૦ વર્ષ = રૂા.૧,૩૧,૪૦,૦૦૦/- (એક કરોડ એકત્રીસ લાખ ને ચાળીસ હજાર) કમાવી આપે.

નામદાર જજસાહેબો, એટલે જ આપણાં શાસ્ત્રોમાં ગાયના ગોબરમાં લક્ષ્મીનો વાસ છે એમ કહેવાયું છે.

રાજીવભાઈ : નામદારસાહેબો, ગાય ગોબર ઉપરાંત ગૌમૂત્ર આપે છે. રોજનું ૨ થી ૨.૫ લિટર નીકળતું ગૌમૂત્ર ડાયાબિટીસ, આર્થરાઈટીસ, બ્રોંકાઈટિસ, અસ્થમા, ટીબી, કૅન્સર સહિત ૪૮ પ્રકારના ગંભીર રોગોની દવા બનાવવામાં વપરાય છે. ભારતમાં એક લિટર ગૌમૂત્ર અર્ક રૂા.૧૦૦/- માં વેચાય છે, પરંતુ ઈન્ટરનૅશનલ માર્કેટમાં તો એ રૂા.૨૦૦/- એક લિટરના ભાવે વેચાય છે. અમેરિકામાં પણ કંપનીએ ગૌમૂત્રના પેટન્ટ રાઈટ લીધા છે. ભારતમાંથી અમેરિકા ગૌમૂત્ર અર્ક ઈમ્પોર્ટ કરે છે અને ડાયાબિટીસ અને કૅન્સરની દવાઓ બનાવવામાં તેનો ઉપયોગ કરે છે. તેથી એક દિવસના ગૌમૂત્રમાંથી રૂા.૨૦૦ x ૨.૫ = રૂા.૫૦૦/- કમાઈ શકીએ. તે હિસાબે વર્ષના રૂા.૫૦૦ x ૩૬૫ દિવસ = રૂા.૧,૮૨,૫૦૦/- અને ગાયના જીવન પર્યંત રૂા.૧,૮૨,૫૦૦/- x ૨૦ = રૂા.૩૬,૫૦,૦૦૦/- (છત્રીસ લાખ પચાસ હજાર રૂપિયા એક ગાય કમાવી આપે.)

કોર્ટ : અદ્ભુત !

રાજીવભાઈ: ગીરની અને બીજી દેશી ગાયોના ગૌમૂત્રમાં તો સોનું નીકળે છે એમ કહેવાતું અને લૅબોરેટરી પરીક્ષણમાં હવે એ સિદ્ધ થયું છે.

રાજીવભાઈ: હજી આનાથીય વધારે ચોંકાવનારી વાત જણાવવી છે. નામદારસાહેબો, ગાયના ગોબરમાંથી મિથૈન ગૅસ બનાવી શકાય છે, જે મિથૈન ગૅસથી રસોઈ પણ થાય અને વાહન પણ ચાલી શકે અને પેટ્રોલ, ડીઝલની જગ્યાએ પણ વાપરી શકાય.

કોર્ટ : આ માન્યામાં આવે તેવું નથી.

રાજીવભાઈ: માનનીય જસ્ટિસ શ્રી લાહોરીસાહેબ જો પરમિશન આપે તો અમે તેમની કારને મિથૈન સિલિંડર લગાવી આપીએ. જજસાહેબ પોતે જ ડ્રાઈવ ટેસ્ટ લે.

લાહોરીસાહેબ : ભલે, લગાવી આપો.

મુકદમાની ત્રણ મહિના પછીની તારીખે.

જસ્ટિસ લાહોરીસાહેબ: રાજીવભાઈ, ધન્યવાદ! તમારા લગાવેલા મિથૈન ગૅસના સિલિન્ડરમાંથી કાર ત્રણ મહિના ચાલી, મને એક કિલોમીટરે માત્ર ૫૦ પૈસા ખર્ચ આવ્યો, જ્યારે ડિઝલનો ખર્ચ રૂા.૪ આવતો હતો, વળી ન ધુમાડો, ન અવાજ, કોઈ પ્રકારનું પ્રદૂષણ નહીં, બહુ સરસ.

રાજીવભાઈ: સાહેબ, આપણે જોયું કે એક ગાય રોજ ૧૦ કિલો ગોબર આપે છે. ભારતમાં ૧૭ કરોડ ગાય છે. એ બધાના ગોબરમાંથી જો મિથૈન ગૅસ બનાવવામાં આવે તો વર્ષે રૂા.૧,૩૨,૦૦૦ કરોડની આવક થાય. આપણા દેશનું પૂરૂં ટ્રાન્સપોર્ટેશન તેનાથી ચલાવી શકાય. આરબ દેશોથી ક્રૂડ ઑઈલ ઈમ્પોર્ટ કરવાની જરૂર ન પડે અને અમેરિકન ડૉલરની બાબતમાં ભારત સંપૂર્ણ સ્વનિર્ભર થઈ જાય અને આપણો રૂપિયો દુનિયાની બધી કરન્શી સામે ખૂબ મજબૂત થઈ જાય.

કોર્ટ : સરકારે ખરેખર વિચારવા જેવું છે.

રાજીવભાઈ :આપે માર્ક કર્યું હશે, કે મેં ગાયના દૂધથી થતી કમાણી આમાં જોડી જ નથી. દૂધ ન આપનારી ગાય પણ કરોડો રૂપિયા કમાવી આપે છે. જ્યારે ગાયની કતલ કરવાથી માત્ર રૂા.૭૦૦૦/- કમાઈ શકાય છે. માટે ગાયોની કતલ બંધ થવી જોઈએ અને ગાયોને જિવાડવી એ જ આર્થિક રીતે, સામાજિક રીતે, ભાવનાત્મક રીતે, માન્યતાની દ્રષ્ટિએ ઉપકારક છે.

રાજીવભાઈની સચોટ દલીલો જજોની પૅનલને પ્રભાવિત કરી ગઈ હતી.

**- 'વજાનું વાત્સલ્ય'માંથી સાભાર**

**।। સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો,સર્વત્ર શાંતિ વિસ્તરો।।**

## એક અજોડ સેનાપતિ, એક અડીખમ સૈનિક...

ઑક્ટોબરની શરૂઆત ગાંધીજી અને શાસ્ત્રીજીના જન્મદિવસથી ને અંત વલ્લભભાઈ પટેલના જન્મદિવસથી થાય. ગાંધીજી વિશેની વાત કરીએ ત્યારે જો સરદારનો ઉલ્લેખ ન થાય તો હનુમાનજી વગર રામની વાત કર્યા જેવું લાગે. જો કે સરદારના ઘણા વિચાર મૌલિક. એ તો ગાંધીજીને પણ જરૂર પડ્યે સ્પષ્ટ કહી દેનારા. જો કે બાપુ પ્રત્યેનું સમર્પણ-શ્રદ્ધાય એમના જેવા બહુ ઓછા નેતામાં દેખાયાં. બન્ને વચ્ચે એક ઉચ્ચ સ્તરીય સંબંધ હતો. આમ છતાં અમદાવાદના સરદાર ક્યારેય આશ્રમવાસી બનીને રહ્યા નહીં.

બોરસદ સત્યાગ્રહ વખતે બાપુએ એમને બોરસદના રાજાનું સંબોધન મહાદેવભાઈની હાજરીમાં કર્યું હતું. પોતાની તમામ ક્ષમતા-સામર્થ્ય હોવા છતાં ગાંધીજીનો નાનો આદેશ પણ શિરોમાન્ય એ સરદારનો જાણે મૂક સંકલ્પ હતો. એકથી વધારે વખત કોંગ્રેસનું પ્રમુખપદ ગાંધીજીના કહેવાથી જતું કર્યું. સરદારના પુત્ર ડાહ્યાભાઈનાં લગ્નમાં બાપુના આશીર્વાદ અને હાજરી હતી. બાપુ પ્રત્યે અનન્ય આદર હોવા છતાં ખિલાફત આંદોલનનો એમણે તીવ્ર વિરોધ કર્યો હતો.

બન્ને વચ્ચેના તાદાત્મ્યની પારાશીશી બારડોલી સત્યાગ્રહ છે. વલ્લભભાઈ માગણી કરે નહીં ત્યાં સુધી બારડોલી જવું નહીં એ નક્કી હતું, પરંતુ ગાંધીજી નવજીવન અખબાર કે અન્ય લેખ, પત્ર પ્રવચનમાં સરદાર અને બારડોલીનો ઉલ્લેખ જરૂર કરતા. નારાયણ દેસાઈએ લખ્યું છે: ગાંધીજીએ આ અરસામાં બારડોલી સત્યાગ્રહના પ્રકાશન વિભાગનું કામ કર્યું હતું. લોકો સરદારને ગાંધીના અંધભક્ત ગણતા. સામે સરદાર કહેતા: મને ઘણા ગાંધીજીનો આંધળો ભક્ત કહે છે. હું ઈચ્છું કે સાચ્ચે મારામાં અંધભક્ત થવાની શક્તિ હોય, પણ એ નથી. મારામાં સમજશક્તિ પડેલી છે. જગત પણ ઠીક ઠીક જોયું છે એટલે સમજ્યા વિના એક પોતડી પહેરીને ફરનારાની પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી. અન્ય એક પ્રવચનમાં સરદાર બોલ્યા હતા: જગતમાં કોઈ બળવાખોર હોય તો એ ગાંધીજી જેવો બીજો કોઈ નથી, પણ એનો બળવો અસત્યની સામે છે. પાખંડની સામે છે. કોઈ વ્યક્તિની સામે નથી. જેલમાં સરદારે ગાંધીજીની જે સેવા કરી એના પરથી ગાંધીજીએ પણ લખ્યું હતું: તમારામાં માનો પ્રેમ ભર્યો છે એનું દર્શન ક્યાં પ્રતિક્ષણ યરોડા (યેરવડા) માં નથી કર્યું ?

**- સંકલન : જવલંત છાયા**

## અહીંસાનો પ્રભાવ

આ પૃથ્વી પર અવતરતું દરેક બાળક ઈશ્વરની દેન છે, તેને પાંગરવાનો, ખીલવાનો સંપૂર્ણ હક છે અને ઈશ્વર એટલે જ આ ધરતી પર મોકલે છે પરંતુ અમુક દંપતીઓના ઘરે ખિલેલા ફૂલ નોર્મલ નહીં, પરંતુ ક્યારેક અસાધ્ય રોગ સાથે લઈને જન્મ્યા હોય ત્યારે એ ફૂલને સાચવવા મા બાપ આકાશ પાતાળ એક કરીને પણ પ્રયત્નો કરતા હોય છે. વાંકાનેરના કોઠી ગામે કુદરતે અરમાનને નોર્મલ નહીં, સેરેબ્રલ પાલ્સી સાથે મોકલ્યો હતો. સ્થાનિક તબીબો અને તમામ સારવાર પધ્ધતિ અપનાવી જોઈ, પરંતુ ફેર નહોતો પડતો એવામાં એમણે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં હોમિયોપેથી તબીબ મયુરીબેન સંઘવી પાસે સારવાર શરૂ કરાવી અને ત્રણ વર્ષની સારવારમાં આજે અરમાન કે જે બોલી, ચાલી કે બેસી નહોતો શકતો તે દૈનિક ક્રિયાઓ નોર્મલ રીતે કરતો થઈ ગયો. ઈબ્રાહિમભાઈના દાદાજી સસરા અમીભાઈ બાદીને આંખની ચાલી ગયેલી દ્રષ્ટિ હોમિયોપેથી ડો. મયુરીબેનની સારવારથી પરત આવી હતી. તેમના કહેવાથી જમાઈ ઈબ્રાહિમભાઈએ પુત્રની સરકારી હોસ્પિટલમાં કરાવેલી સારવાર અક્સીર સાબિત થઈ.

૧૩ ઑગસ્ટના જન્મેલો અરમાન જન્મ પછી રોયો નહીં, તેને દિવસો સુધી ખાનગી હોસ્પિટલમાં દાખલ રખાયો. માથું મોટું, બેસી પણ ન શકતો હોવાથી સૂતો જ રહે. ૫ વર્ષની સારવાર છતાં સ્થિતિ આવી જ રહી. સરકારી હોસ્પિટલમાં ૨૫ ઓગસ્ટ ૨૦૧૪ થી શરૂ કરાયેલી હોમિયોપેથી સારવારે ચમત્કાર સર્જ્યો, ૩ વર્ષની સારવાર દરમિયાન અરમાન બેસવા, ચાલવા લાગ્યો, અમ્મી, અબ્બા, મામા, કાકા એવા શબ્દો પણ બોલી શકે છે. મગજમાં ભરાયેલું પાણી દૂર થઈ ગયું. માથું કદ કરતા વધુ મોટું હતું એ સાધારણ થઈ ગયું. સરકારી હોસ્પિટલમાં સારવાર મફત થાય છે પરંતુ અત્યાર સુધી લાખો રૂપિયા ખર્ચવા છતાં જે પરિણામ ન મળ્યું એ પરિણામ મફત સારવારમાં મળતા ઈબ્રાહિમભાઈ ઋણ ચૂકવવા માગે છે તેમ કહેતા ડો. મયૂરીબેને કહ્યું કે જો, તમે કંઈ દેવા જ માગતા હોય તો મહિનામાં એક દિવસ પોલ્ટ્રીફાર્મ બંધ રાખજો, કમ સે કમ એક દિવસ માટે ૨૦૦-૫૦૦ મરઘાને નવજીવન મળી શકશે અને ઈબ્રાહિમભાઈએ એ દિવસથી પોલ્ટ્રીફાર્મનો ધંધો જ બંધ કરી બાપ-દાદાની ખેતી સંભાળી લીધી છે.

**- બલરામ કારિયા, પ્રેષક : રાહુલ શેઠિયા**

## સહજતાનો સ્વીકાર કરો

કાનખજૂરા બાબત ઈસપની આ જાણીતી બોધકથા છે. એક કરચલાએ કાનખજૂરાને ચાલતો જોયો એને નવાઈ લાગી. નાનકડા જીવ અને સો પગ! ચાલતી વખતે એ બધા પગનો ક્રમ કઈ રીતે જાળવતો હશે ? અને એ ક્રમમાં જરાપણ ચૂક થાય તો બધા પગ એકબીજામાં વણાઈ જાય... ગુંચવાઈ જાય, અને કાનખજૂરો પડી જાય!

કરચલાથી રહેવાયું નહીં એણે કાનખજૂરાને પૂછ્યું, મિત્ર, એક સવાલ મને મૂંઝવે છે. ચાલતી વખતે સો પગનું સંચાલન તું કઈ રીતે કરે છે? પહેલો, બીજો, પાંચમો, પચાસમો... એમાંય વળી ડાબો, જમણો! સો પગે ચાલવું એ તમારા માટે માથાનો દુ:ખાવો બની રહેતું હશે. કાનખજૂરો અવાક બની ગયો, સો પગ સાથે ચાલવા અંગે તો એણે ક્યારેય વિચાર્યું ન હતું. ચાલતાં શીખ્યો ત્યારથી બસ નિર્વિઘ્ન પણે ચાલતો રહ્યો છે. એણે કરચલાને જવાબ આપ્યો, હું નિરાંતે ગણિત માંડીને તને જણાવીશ.

હવે કાનખજૂરો ચાલવા અંગે સભાન બની ગયો. કઈ દિશામાં જવું છે એને બદલે કયો પગ પહેલો ઉઠાવવો અને કયો બીજો, ત્રીજો ડાબો, જમણો! એ મુંઝાઈ ગયો. એના પગ ડગમગાવા લાગ્યા. ગડથોલિયું ખાઈને એ પડી ગયો. કરચલા પર ગુસ્સે ભરાઈને કહ્યું દુષ્ટ તેં મારું ચાલવું મુશ્કેલ કરી દીધું છે. સહજપણે થતી કુદરતી ક્રિયા બાબતે તેં મને ગણિત માંડતો કરી દીધો. મારા પગ અને ચાલવા બાબતે તેં મને વધુ પડતો સભાન કરી દીધો. મારું જીવન હવે એમાં જ ગુંચવાઈ જશે, રૂંધાઈ જશે.

**ઓશો સાર**

અહમ્ પ્રત્યે સભાન થતાંની સાથે જ તમારી સહજતા નાશ પામે છે. કુદરતની સામે તમે ચાલાકી, જોડમેળ કરવા લાગો છો. તમારી બુદ્ધિ તમારા આત્મવિકાસને અવરોધે છે. માટે હળવાફૂલ બની જાઓ. જીવન બુદ્ધિથી વિશેષ છે. કુદરતનો ક્રમ નિરંતર, સુંદર રીતે, સહજપણે ચાલ્યા જ કરે છે.

**- ઓશોની બોધકથા, ભાવાનુવાદ : લાલ રાંભિયા**

**જે મળ્યું માન્યું ઘણું, કાંઈ મને**
**લેશ પણ ઓછાપણું લાગ્યું નથી.**
**કોઈ હકદાવે કદી તારી કને**
**જિન્દગી, મેં કાંઈ પણ માગ્યું નથી.**

**- મકરન્દ દવે**

## આકાશવાણી

**अज्ञेभ्यो ग्रन्थिनः श्रेष्ठाः ग्रन्थिभ्यो धारिणो वराः।**
**धांरिभ्यो ज्ञानिनः श्रेष्ठाः ज्ञानिभ्यो व्यवसायिनः।।**

**(મનુસ્મૃતિ-૧૨/૧૦૩)**

(અક્ષરજ્ઞાનથી જે વંચિત હોય એ કરતાં વાંચી શકે એટલું અક્ષરજ્ઞાન ધરાવનારો વધારે સારો છે, વાંચી શકનાર કરતાં, એ વાંચીને સમજવાવાળો વધારે સારો છે, આ સમજવાવાળા કરતાં એનું ચિંતન-મનન કરી શકનારો વધુ સારો છે પણ આનું આચરણ કરનારો તો સર્વશ્રેષ્ઠ છે.)

આ બે પંક્તિમાં ભગવાન મનુએ શિક્ષિત કોને કહેવાય અને અશિક્ષિત કોને કહેવાય એની સોંસરવી ઊતરી જાય એવી સમજણ આપી છે.

જે માણસ સાવ અભણ હોય એટલે કે મુદ્દલ વાંચી-લખી શકતો ન હોય એને તો નીચલી કક્ષાએ જ મૂકવો જોઈએ. પણ જે થોડાંક કક્કો-બારાખડી જાણે છે અને ક્યારેક સારાં પુસ્તકો પણ વાંચે છે એને પેલા અભણ કરતાં ઊંચી કક્ષાએ મૂકવો જોઈએ. પણ માત્ર વાંચવું એ પૂરતું નથી. વાંચ્યા પછી જો એ સમજાય નહિ તો એ નિરર્થક છે. જે આ સમજી શકે છે એની કક્ષા જ ઉપર આવે છે. પણ વાંચેલું સમજાઈ જાય અને યાદ પણ રહી જાય એનાથી કંઈ વાત પૂરી નથી થઈ જતી. લખાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ જાય અને સુવાક્યો બનીને અવારનવાર ટાંકીએ પણ ખરાં પણ એના વિશે ઊંડા ઊતરીને ચિંતન કે મનન ન થાય તો એ પૂરતું નથી. સાચી વાત તો એ છે કે જે વાત સમજાઈ ગઈ છે એમ લાગતી હોય એ વાતને અંતરમાં ઊતારવા માટે એનું ફરી ફરીને મનન થવું જોઈએ. આવા ચિંતન અને મનનને અંતે ગ્રંથમાં લખાયેલી અમૂલ્ય વાતોનો સાક્ષાત્કાર થાય છે.

હવે આત્મસાક્ષાત્કારનો છેલ્લો સ્તર એટલે આચરણ. આ બધું થયા પછી મૂળ વાત આચરણની છે. પ્રબુદ્ધ જન જ્યારે આવું આચરણ કરે છે ત્યારે એ શ્રેષ્ઠ કહેવાય છે.

**- દિજો, સૌ.મુંબઈ સમાચાર. પ્રેષક : રાહુલ શેઠિયા**

## અનહદ બાની

આજે આપણા સૌ પાસે દરરોજ એટલા શુભ શબ્દો અને વિચારો આવે છે કે એને જીવવા માટે સો વરસનું એક આયખું પણ ઓછું પડે. ગત સદીના છતાં આજે સૌથી વધુ પ્રસ્તુત એવા શ્રી વિનોબાજીની જીવન-અધ્યાત્મ સાધનાનું સ્મરણ થાય છે. તેઓ ૨૬ ભાષા જાણતા, જાપાનીઝ તો ૮૨મે વરસે શીખ્યા. સંત સાહિત્યનાં ૫૦૦૦૦ પદો તેમને કંઠસ્થ હતાં. 'વિનોબા વાઙ્મય' નામક ૨૧ ગ્રંથોનાં ૧૦૦૦૦ પાનામાં તેમનાં શબ્દો-વિચારો-સાધના અભિવ્યક્ત થયેલ છે. છતાં તેઓ કહેતા, 'વાણી સંત-કૃપા કી - વિન્યા કી કૃતિ શૂન્યતા.'

જ્યારે જીવનની ઉત્તરાવસ્થા આવી અને સાધનાની ચરમ સીમા આવી ત્યારે આત્મ સંશોધન અને આત્મ સમાધાન માટે ક્રમશઃ તેમને કૃતિથી શબ્દ, શબ્દથી ચિંતન, ચિંતનથી અચિંતન ઉત્તરોત્તર પ્રભાવક લાગ્યાં. તેઓ કહેતા, 'વાંચો એક ગણું, વિચારો બમણું, આચરણ કરો ચાર ગણું, ભાવન કરો આઠ ગણું અને પ્રસન્ન રહો સોળ આના. સોળ આના એટલે પરિપૂર્ણ ચોવીસે કલાક અને જીવનભર. એક વખત તેઓ કહે, 'જીવનસિદ્ધિ અને શુદ્ધિ માટે જેનો ઉપયોગ નથી, તેવા વિચારો માથામાં ઠૂંસી રાખવા એ સંઘરણી રોગ છે.'

અંતિમ વરસોમાં ગ્રંથોની ગ્રંથિ ન બને તે માટે અધ્યન-મુક્તિ અધ્યાપન-મુક્તિ અને ગ્રંથ-મુક્તિની યાત્રા કરેલી. તેમને પ્રતીતિ હતી કે મનુષ્ય જ્યારે ગ્રંથથી ઉપર ઊઠે છે ત્યારે તેનો જ્ઞાનમાં પ્રવેશ થાય છે. એક રહસ્યવાદીની જેમ તેમણે કહેલું,

'જે વાણી સત્યને સાંભળે છે,
તે વાણીને સત્ય સાંભળે છે.'
અને હા તેમનું એક કથન છે,
'બસ મારો ઓરડો ખાલીખમ રહેવા દો...'

**- સુભાષ ભટ્ટ**

## ''રત્નકણિકા''

''એકનું પુણ્ય બીજાને સીધું કામ ન આવે, પણ જો તમે કોઈ પુણ્યશાળીની સાથે રહો તો તમારો પાપનો ઉદય, પેલાના પુણ્યબળને લીધે દબાઈ જરૂર જાય.''

''જેમ ધોધમાર વરસાદમાં પણ છાપરા નીચે ઉભેલો કોરોકટ રહી શકે છે અને એકલા પણ છત્રીવાળા સુધ્ધાં પલળી જાય છે, તેમ ઘરમાં જો એક વ્યક્તિનું પુણ્ય પ્રચંડ હોય તો બાકી બધાના પાપનો ઉદય પાછળ ઠેલાઈ જાય છે.''

''એટલેજ ઘરમાં વડીલો સાથે રહેવાની પ્રથા હતી, કે કાં તો તમે પુણ્યવાન બનો, યા તો તમે ગુણવાન બનો.''

''કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પુણ્યવાન બનો સાહેબ, અને જો એ ન આવડતું હોય તો કોક પુણ્યવાન ના સંગાથી તો બનો જ, જેથી કર્મસત્તા જો તમારા ઉપર કર્મોદયની તલવારનો ઘા કરે તો પેલા ખડતલ પુણ્યશાળીની ધર્મની મજબૂત ઢાલ એ ઘા ઝીલી લે.''

## ''જીવામૃતનો એક નવતર ઉપયોગ''

કચરો, જલ પ્રદુષણ અને વાયુ પ્રદુષણની સમસ્યા દિવસે દિવસે વધી રહી છે. જેમ જેમ વસ્તી વધી રહી છે; તેમ તેમ ગામડાઓ હોય, શહેરો હોય કે મહાનગરોમાં; આ સમસ્યાઓએ ખૂબ જ ગંભીર સ્વરુપ ધારણ કરી લીધું છે. ગંદા પાણી, ઝેરી રસાયણ યુક્ત પાણીના કારણે ગટર-નાળાઓનું પાણી અને જાહેર પેશાબ કરવાના સ્થળોની દુર્ગંધની સમસ્યા; જે દિવસે દિવસે વધી રહી છે, એના કારણે મોટા પ્રમાણમાં પ્રદુષણ થવાથી માણસનું જીવન રોગમય બની ગયું છે.

આ સમસ્યાનું નિરાકરણ શોધવાના પ્રયત્નો ચાલુ જ છે. ઉપરોક્ત સમસ્યાઓને કાયમીરૂપે મુક્ત કરવા માટે વધુ અસરકારક સંશોધનની જરૂર હતી, અને આ સંશોધન વેંગુર્લે સ્થિત, પર્યાવરણ પ્રેમી આર્કિટેક્ટ શ્રી અજિત પરબ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે અભૂતપૂર્વ સફળતા મેળવી છે.

શ્રી અજિત ભાઈએ **''જીવામૃત''*** નો એવો પ્રયોગ કર્યો છે, જે એક વખત ગટરોમાં, નાળાઓમાં કે શૌચાલયોની ટાંકીઓમાં છોડવામાં આવે, તો દૂષિત પાણીમાંથી નિર્માણ થતો દુર્ગંધ તો તાત્કાલિક જ બંધ થાય છે; સાથે સાથે પાણીમાં રહેલ મળયુક્ત, ઝેરી અને પ્રદુષક ઘટકો ધીમે ધીમે નાશ પામે છે અને શુદ્ધ થયેલું પાણી પણ તરત જ જમીનની અંદર શોષાઈ જાય છે.

*** (પદ્મશ્રી શ્રી સુભાષ પાલેકર, જેને 'કૃષિ ઋષિ' તરીકે ઓળખવામાં આવે છે, તેમણે જમીનની ફળદ્રુપતા વધારવા જીવામૃત બનાવેલ છે.)**

માત્ર એટલું જ નહીં, પણ કચરા ડેપોમાં (પ્લાસ્ટિક, ગ્લાસ અને મેટલ સિવાય) જૈવિક કચરા ઉપર સ્પ્રે કરવામાં આવે, તો થોડા જ દિવસોમાં કચરામાંથી ઉત્પન્ન થયેલ અસહ્ય અને ખરાબ ગંધ નહિવત થઈ જાય છે. ઉપરાંત, ફક્ત બેથી ત્રણ મહિનામાં, સમગ્ર કચરો અત્યંત ફળદ્રુપ જમીનમાં રૂપાંતરિત થઈ જાય છે.

શ્રી અજિત પરબનો સાવંતવાડીના કચરાના ડેપોમાં આ પ્રયોગ સફળ રહ્યો છે. તો વેંગુર્લેમાં અમુક શૌચાલય, શહેરો અને બજારોના જાહેર શૌચાલય, માછી-માર્કેટ તેમ જ ખાનગી વસાહતોમાં પણ આ પ્રયોગ બહુ જ સફળ થયો છે.

સાવંતવાડી ખાતેના કચરા ડેપોમાં પ્રયોગ સફળ થયા પછી, નગરના પ્રમુખ બબન સાલગાંવકરે, આ યુવાનને શાબાશી આપતા, તેમના ઉપર સમગ્ર સાવંતવાડી શહેરના પ્રદૂષણને મુક્ત કરવાની જવાબદારી આપવાનું નક્કી કર્યું છે. દુર્ગંધ, ગંદાપાણી અને કચરાનું પ્રદૂષણ કાયમી ધોરણે દૂર કરવામાં આવશે.

આ અનન્ય સંશોધનમાં સફળ થયા પછી, શ્રી અજિત ભાઈએ પ્રામાણિકપણે સફળતા માટે ક્રેડિટ લેવાનો ઈનકાર કર્યો હતો. એમણે કહ્યું, કે ''જીવામૃત કૃષિતજ્ઞ શ્રી પાલેકરજીની રચના છે. તેઓ આનો ઉપયોગ જમીન ફળદ્રુપ બનાવવા માટે કરે છે. મેં થોડો અલગથી વિચાર કરીને આ જીવામૃતનો ઉપયોગ કચરો, ગંદા પાણી, મળયુક્ત પાણી અને દુર્ગંધનો નાશ કરવાના હેતુથી કર્યો અને એમાં મને યશ મળ્યો. બસ આટલું કરવાથી, બધી સફળતા મારી છે એવો દાવો હું કેવી રીતે કરી શકું?''

આ સંશોધનને પેટન્ટ કરવાનો વિચાર મારા મનમાં બિલ્કુલ નથી, પણ આ સંશોધન મેં સમાજને અર્પણ કર્યો છે. આ સંશોધનથી પ્રદૂષણથી મુક્તિ મળશે જ. શ્રી અજિત ભાઈએ દાવો કર્યો હતો કે જીવામૃતના ઉત્પાદન દ્વારા રોજગારીની તકો પણ ઉભી થઈ શકે છે. હાલમાં, આ જીવામૃતનો દર લિટર દીઠ રૂા.૧૦ ની આસપાસ છે અને ભવિષ્યમાં, જો ઉત્પાદન વધે છે, તો તે કમ થઈ શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

### શૂ છે આ જીવામૃત?

જીવામૃત એ દેશી ગાયનું ગોમુત્ર, છાણ, ગોળ અને બેસન આ બધા દ્રવ્યોનું મિશ્રણ છે. આમાંથી વિશેષ પ્રકારના બૅક્ટેરિયા તૈયાર થાય છે. જે દુર્ગંધ નિર્માણ કરવાવાળા બૅક્ટેરિયાનો નાશ કરે છે. તેમ જ પ્રદૂષણ ફેલાવનારી સડવાની પ્રક્રિયાને બંધ કરવામાં મદદ કરે છે અને વિઘટનની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. આ વિઘટનની પ્રક્રિયાથી પાણીમાં રહેલ મેલ નષ્ટ તો થાય જ છે અને એની સાથે ઝેરી તત્વોનો પણ નાશ થાય છે અને શુદ્ધ પાણી જમીનમાં આપ મેળે શોષાઈ જાય છે.

આ પાણીથી જમીનને કોઈ નુકસાન થતું નથી પણ જમીન વધારે ફળદ્રુપ બને છે. જેવું આ જીવામૃત ગંદા પાણીમાં છોડવામાં આવે ત્યારે એમાં રહેલા બૅક્ટેરિયા પ્રચંડ ગતિથી વધ્યા કરે છે. એક વધુ વિસ્મયકારક વાત. આ જીવામૃત જ્યાં છાંટવામાં આવે છે ત્યાં મચ્છરોની ઉત્પત્તી કાયમ માટે બંધ થાય છે. કચરા ઉપર છાંટવાથી તાત્કાલિક એ કચરાનું માટીમાં રૂપાંતર થાય છે. તેથી દુર્ગંધની સમસ્યાનો કાયમ માટે હલ થાય છે તેમ જ જલ પ્રદૂષણ રોકીને રોગચાળાને પણ અટકાવે છે.

**- અજિત પરબ, વેંગુર્લા, ૭૨૬૨૦૧૩૦૨૨,**

**અનુવાદ-રાહુલ શેઠિયા**

## બિલ ગેટ્સ

''દુનિયા કે સબસે ધનવાન વ્યક્તિ બિલ ગેટ્સ સે કિસી ને પૂછા- 'ક્યા ઈસ ધરતી પર આપસે ભી અમીર કોઈ હૈ? બિલ ગેટ્સ ને જવાબ દિયા- હાં, એક વ્યક્તિ ઈસ દુનિયા મેં મુઝસે ભી અમીર હૈ. કૌન-!!!! બિલ ગેટ્સ ને બતાયાઃ એક સમય જબ મેરી પ્રસિદ્ધિ ઔર અમીરી કે દિન નહીં થે, મૈં ન્યૂયૉર્ક એયરપોર્ટ પર થા. વહાં સુબહ સુબહ અખબાર દેખ કર, મૈંને એક અખબાર ખરીદના ચાહા, પર મેરે પાસ ખુદરા પૈસે નહીં થે. સો, મૈંને અખબાર લેને કા વિચાર ત્યાગ કર ઉસે વાપસ રખ દિયા.. અખવાર બેચને વાલે લડકે ને મુઝે દેખા, તો મૈંને ખુદરા પૈસે/સિક્કે ન હોને કી બાત કહી.. લડકે ને અખવાર દેતે હુએ કહા- યહ મૈં આપકો મુફ્ત મેં દેતા હૂં. બાત આઈ-ગઈ હો ગઈ. કોઈ તીન માહ બાદ સંયોગવશ ઉસી એયરપોર્ટ પર મૈં ફિર ઉતરા ઔર અખબાર કે લિએ ફિર મેરે પાસ સિક્કે નહીં થે. ઉસ લડકે ને મુઝે ફિર સે અખબાર દિયા, તો મૈંને મના કર દિયા. મૈં યે નહીં લે સકતા.. ઉસ લડકે ને કહા, આપ ઈસે લે સકતે હૈં, મૈં ઈસે અપને પ્રૉફિટ કે હિસ્સે સે દે રહા હૂં. મુઝે નુકસાન નહી હોગા. મૈંને અખબાર લે લિયા.... ૧૯ સાલ બાદ અપને પ્રસિદ્ધ હો જાને કે બાદ એક દિન મુઝે ઉસ લડકે કી યાદ આયી ઔર મૈંને ઉસે ઢૂંઢના શુરૂ કિયા. કોઈ ડેઢ મહીને ખોજને કે બાદ આખિરકાર વહ મિલ ગયા. મૈંને પૂછા- ક્યા તુમ મુઝે પહચાનતે હો? લડકા- હાં, આપ મિ. બિલ ગેટ્સ હૈં. ગેટ્સ- તુમ્હે યાદ હૈ, કભી તુમને મુઝે ફ્રી મેં અખબાર દિયે થે? લડકા-જી હાં, બિલ્કુલ.. એસા દો બાર હુઆ થા. ગેટ્સ, મૈં તુમ્હારે ઉસ કિયે હુએ કી કીમત અદા કરના ચાહતા હૂં. તુમ અપની જીંદગી મેં જો કુછ ચાહતે હો, બતાઓ, મૈં તુમ્હારી હર જરૂરત પૂરી કરુંગા.. લડકા, સર, લેકિન ક્યા આપ કો નહીં લગતા કિ, એસા કર કે આપ મેરે કામ કી કીમત અદા નહીં કર પાયેંગે.. ગેટ્સ, ક્યું.!!! લડકા, મૈને જબ આપકી મદદ કી થી, મૈં એક ગરીબ લડકા થા, જો અખબાર બેચતા થા. આપ મેરી મદદ તબ કર રહે હૈં, જબ આપ ઈસ દુનિયા કે સબસે અમીર ઔર સામર્થવાલે વ્યક્તિ હૈં.. ફિર, આપ મેરી મદદ કી બરાબરી કૈસે કરેંગે..!!! બિલ ગેટ્સ કી નજર મેં, વહ વ્યક્તિ દુનિયા કે સબસે અમીર વ્યક્તિ સે ભી અમીર થા, ક્યોંકિ– ''કિસી કી મદદ કરને કે લિએ, ઉસને અમીર હોને કા ઈંતજાર નહીં કિયા થા''...અમીરી પૈસે સે નહીં દિલ સે હોતી હૈ દોસ્તોં કિસી કી મદદ કરને કે લિએ અમીર દિલકા હોના ભી બહુત જરૂરી હૈ

## બાજ પક્ષી

બાજ પક્ષી પોતાના બચ્ચાના જન્મ પછી થોડા જ સમયમાં એને પોતાની પાંખોમાં સમેટીને ઉપર આકાશમાં લઈ જાય છે... એટલું ઊંચે કે જ્યાં વિમાન ઉડતા હોય... આટલે ઉપર જઈને એ સ્થિર થઈ જાય છે. અને પછી શરૂ થાય છે ખતરનાક ટ્રેનીંગ. એક એવી ટ્રેનીંગ કે જેમાં બાજ પક્ષી પોતાના બચ્ચાને એ સમજાવવા માગે છે કે એ કોઈ સામાન્ય પક્ષી નથી અને એનું કામ આસમાનની બુલંદીએ ઊડવાનું છે નહીં કે મકાનની છત પર બેસીને ચું-ચું-કરવાનું.

પછી એ બચ્ચાને આટલી ઊંચાઈએથી છૂટું મૂકી દેવામાં આવે છે. આટલી ઊંચાઈએથી નીચે પડતી વખતે બચ્ચાને એ સમજાતું નથી કે મારી સાથે આ શું થઈ રહ્યું છે!!! થોડું નીચે આવવાથી બચ્ચાની પાંખ ખુલવા લાગે છે અને ધરતી થી અંદાજે ૯ કિ.મી. ઉપર સુધીમાં એની પૂરી પાંખો ખૂલી જાય છે. એ પાંખ ફફડાવે છે એટલે એને એહસાસ થાય છે કે એ કોઈ સામાન્ય પક્ષી તો નથી જ!!!

એ હજુ વધુ નીચે આવે છે પણ હજુ એની પાંખ એટલી સક્ષમ તો નથી જ કે એ ઊડી શકે અને જમીન થી ૭૦૦-૮૦૦ મીટરે ઊંચાઈથી નીચે પડતી વખતે એને એમ લાગવા લાગે છે કે આ એની જિંદગીની આખરી સફર છે ત્યાં જ અચાનક એક મહાકાય પંજો એને પોતાની બાંહોમાં લઈ લ્યે છે અને એ પંજો એની માંનો જ હોય છે જે એને નીચે પડતું મૂક્યા પછી એની સાથે જ આવતી હોય છે. આવી ટ્રેનીંગ બાજ પક્ષી એના બચ્ચાને ત્યાં સુધી આપ્યા રાખે છે જ્યાં સુધીએ બરાબર ઉડતા ના શીખી જાય.

આ વાર્તા કે જે એક સત્ય હકીકત છે એ અહી ક્હીને હું તમામ માં-બાપને કહેવા માગું છુ કે તમે તમારા બાળકોને છાતીએ ચીપકાવીને જરૂર રાખો પણ એક બાજના બચ્ચાની જેમ એને દુનિયાની મુશ્કેલીઓથી વાકેફ પણ કરો, એનો સામનો કરાવો અને લડતા શીખવો.

હકીકત આજના સમયમાં કાર્ટૂન, ટીવીમાં આવતા રિઆલિટી શો અને વિડિયો ગેમ આપણા બાળકોને મુરઘાં જેવા બનાવી નાખ્યા છે જેની પાસે પગ તો છે પણ ચાલી નથી શકતા અને પાંખ છે પણ ઊડી નથી શકતા. મિત્રો કુંડામાં લગાવેલા છોડમાં અને જંગલમાં ઉગેલા છોડમાં કેટલો ફર્ક હોય છે એ તો આપ સૌ જાણો જ છો!!!

**પ્રેષક : દિનેશ દેઢીયા**

## જનસેવા થકી નવધા ભક્તિ કરતી લોકસેવક

'મધ્ય પ્રદેશ', ભારતનું એક એવું રાજ્ય જે અનેક જોવાલાયક સ્થળો માટે પ્રખ્યાત છે. આ સ્થળો ધાર્મિક, સાંસ્કૃતિક, કલા તેમ જ અન્ય બીજાં પાસાઓને ઉજાગર કરે છે. હવે ફરી જ્યારે મધ્ય પ્રદેશની મુલાકાત લેવાનો અવસર મળે ત્યારે ભોપાલ જિલ્લાનાં એક નાનકડા ગામ 'બરખેડી અબદુલ્લા'ની મુલાકાત લેવાનું ચૂકશો નહીં. બરખેડી અબદુલ્લાની વિશેષતા એ છે કે આ ગ્રામ પંચાયતની કામગીરી અન્ય તમામ ગામ કરતાં અલગ પદ્ધતિએ ચાલી રહી છે અને આ વિકાસશીલ ગામના સરપંચની ધૂરા એક સ્ત્રી સંભાળી રહી છે. આપણને થાય કે, એમાં વળી નવું શું ? ભારતમાં રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી વધે અને સ્ત્રીશક્તિનો વાસ્તવિક પરિચય કેળવાય એવા હેતુથી સ્ત્રીઓને ૩૩% અનામત આપવામાં આવી છે એટલે આપણે ત્યાં પણ ઘણાં ગામમાં સ્ત્રીઓ સરપંચ તરીકે કાર્યરત છે. તો આવું જોવા ભોપાલ સુધી શું કામ જવું જોઈએ? પરંતુ વિચારજો કે પંચાયતી રાજમાં એવી કેટલી મહિલાઓ છે જેઓ ખરેખર પોતાનું ધાર્યું કરાવી સમાજના વિકાસ માટે કાર્ય કરી રહી હોય ? આજે એક એવી પ્રતિભાની વાત કરવી છે જેણે પોતાનાં ગામ, સમાજ, દેશ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યો, ત્યાં પ્રાપ્ત થયેલ તકોને જતી કરી એક નવા અને પ્રગતિશીલ સમાજના નિર્માણની દિશામાં પ્રયત્નો કર્યા.

ભક્તિ શર્મા, મૂળ બરખેડી અબદુલ્લા, ભોપાલ, મધ્ય પ્રદેશની વતની આ પ્રતિભા પોલિટિકલ સાયન્સમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ પોતાના અન્ય કુટુંબીજનો પાસે ટેક્સાસ, યુ.એસ.એ. ખાતે સ્થાયી બની અને એક મલ્ટિનેશનલ કંપનીની ઉચ્ચ પગાર ધરાવતી નોકરીની શરૂઆત કરી. તેની ઈચ્છા પણ અન્ય કુટુંબીજનો સાથે યુ.એસ.એ. ખાતે સ્થાયી થવાની હોઈ તે દિશામાં પ્રયત્નો શરૂ કર્યા, પરંતુ ભક્તિના પિતાની ઈચ્છા તે ભારત પરત ફરી સમાજ અને મહિલા વિકાસના કાર્યમાં જોડાઈ, રાષ્ટ્રની સેવા કરી તેનું ઋણ અદા કરે તેવી હતી. શરૂઆતના તબક્કે અણગમો હોવા છતાં ભક્તિ શર્માએ પોતાના પિતાશ્રી અને દાદાજી બંને આ પ્રકારની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હોય, તેમના પગલે ચાલવા, આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને ટેકસાસ, યુ.એસ.એ. ખાતેની પોતાની નોકરીને તિલાંજલિ આપી માદરે વતન પરત ફરી. ૨૦૧૩ દરમિયાન કેટલાંક સપનાં સાથે તે ભારત પરત ફરી હતી અને આ સપનાંને સાકાર કરવા માટેના પ્રથમ પગલા તરીકે તેણે એક એન.જી.ઓ.ની સ્થાપના કરવાનું અને ઘરેલું હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓની વહારે આવવાનું અને તેમની પીડાને વાચા આપવાનું નક્કી કર્યું.

ઘરેલું હિંસાનો ભોગ બનેલ સ્ત્રીઓના રક્ષણ અને તેમના કાઉન્સેલિંગ દ્વારા તેમની સમસ્યાને સમજવા અને તેનો ઉકેલ લાવવાના પ્રયાસો કર્યા. આ પ્રયાસો દરમિયાન તેણે અલગ અલગ કામગીરી અર્થે વિવિધ સરકારી વિભાગોમાં જવાની શરૂઆત કરી અને અંતે તેને સમજાઈ ચૂક્યું હતું કે પરિણામલક્ષી કામગીરી માટે સિસ્ટમમાં દાખલ થઈ કેટલાક સુધારાઓ હાથ ધરવા પડશે.

૨૦૧૫ દરમિયાન ભક્તિના મનમાં આ મનોમંથન ચાલી રહ્યું હતું ત્યારે જ પંચાયતી રાજની ચૂંટણીની જાહેરાત થઈ અને તેણે પરિવાર સમક્ષ આ ચૂંટણીમાં સરપંચ પદ માટે ઉમેદવારી નોંધવવાની ઈચ્છા વ્યક્ત કરી. બાકીના ઉમેદવારોના પ્રચારની સામે ભક્તિ શર્માની નિઃસ્વાર્થ કામગીરી રંગ લાવી અને ત્રણેય હરીફ ઉમેદવારોને મળેલા કુલ મતો કરતાં બમણા મતોએ ભક્તિ શર્માનો વિજય થયો. લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યા બાદ તેણે પોતાના શિક્ષણ, કોર્પોરેટ ક્ષેત્રના અનુભવ અને સમાજ સેવાના હેતુઓના મિશ્રણ થકી સરપંચ તરીકેની કામગીરીની શરૂઆત કરી. સૌ પ્રથમ સરકારની વિવિધ યોજનાઓનો અભ્યાસ કર્યો અને આ યોજનાઓનો લાભ પોતાની ગ્રામપંચાયતને કઈ રીતે મળી શકે તે માટે જરૂરી તમામ પ્રક્રિયાઓ કરી. સરકારી યોજનાઓની ગહન સમજ ધરાવતી ભક્તિ હિસાબ-કિતાબમાં પણ માહેર હોવાને લીધે એક-એક રૂપિયાનું સંપૂર્ણ વળતર કઈ રીતે લઈ શકાય તે પણ સારી રીતે જાણતી હતી.

આ તબક્કે ખાસ નોંધવાની ઈચ્છા થાય કે ગામની સૌથી શિક્ષિત વ્યક્તિ જ્યારે આ પ્રકારની કામગીરી કરતી હોય ત્યારે કાર્યપદ્ધતિમાં નોંધપાત્ર તફાવત જોવા મળે તે સ્વાભાવિક છે. સરપંચ તરીકે પોતાની ગ્રામપંચાયતમાં સરપંચ માનદેયની શરૂઆત કરી, રખેને એવું વિચારતા કે પોતે એ આર્થિક લાભ મેળવવાની શરૂઆત કરી! તે પોતાને મળતો પગાર કે અન્ય લાભ પણ સ્વીકારતા નથી. પોતાના ગ્રામપંચાયતની મર્યાદામાં આવતા વિસ્તારોમાં પુત્રી જન્મને વધાવવાના હેતુથી તેણે પોતાને મળતા ભથ્થામાંથી બે માસની રકમ આ પુત્રીની માતાને અર્પણ કરવાની શરૂઆત કરી અને સાથે સાથે તે પુત્રીના નામે એક વૃક્ષનું વાવેતર કરવાની પ્રણાલીની શરૂઆત કરી.

દરેક ઘરે સ્વચ્છ પાણીની સુવિધા મળી રહે તેવા હેતુથી 'હર ઘર નલ જલ' યોજનાની શરૂઆત કરી. ફાઈનાન્સિલ ઈન્કલૂઝનના મિશનને સાર્થક કરતી તેની ગ્રામ પંચાયતમાં ૯૯% લોકો પાસે બૅન્ક ઍકાઉન્ટ છે. સ્વાસ્થ્ય સેવાનો વ્યાપ મળી રહે તે માટે દર પખવાડિયે ફ્રી મેડિકલ કૅમ્પનું આયોજન પણ કરવામાં આવે છે.

પોતે સુશિક્ષિત હોવાને લીધે, શિક્ષણની મહત્તાની વિશેષ સમજણ હોઈ, શિક્ષણના પ્રચાર-પ્રસાર અંગે જાતે કાઉન્સેલિંગ કરે છે અને તેની ફલશ્રુતિએ આજે તેમના ગામની શાળાઓમાં છસ્સો કરતા પણ વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ૧૦૦% સંપૂર્ણ સાક્ષરતા તરફ ગ્રામપંચાયત પ્રયાણ કરી રહી છે. સ્રીઓને સ્વમાનભેર જીવવાનો અધિકાર મળે અને આત્મનિર્ભરતા પ્રાપ્ત થાય તેવા હેતુથી અલગ અલગ કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિને મહત્ત્વ આપી રોજગારીનું નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. સ્વચ્છતાને પ્રભુતાનો દરજ્જો આપી સ્વચ્છ ગ્રામ નિર્માણ તરફ વીજળી વેગે કામ કરી રહેલી ભક્તિ શર્માના પ્રયત્નો થકી આજે બરખેડી અબ્દુલ્લા સંપૂર્ણપણે સ્વસ્થ અને સ્વચ્છ ગામ બન્યું છે.

તેણે હાથ ધરેલી ગ્રામઉત્કર્ષની કામગીરીની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવી અને મહિલા તેમ જ બાળવિકાસ મંત્રાલય દ્વારા દેશની ૧૦૦ પ્રતિષ્ઠિત મહિલાઓની યાદીમાં તેણે સ્થાન પ્રાપ્ત કર્યું. આ સિદ્ધિ બદલ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

**- ડૉ. મનીષ રાવલ, સદભાવના સાધના**

## બાપુની ઈશ્વરનિષ્ઠા

દક્ષિણ આફ્રિકામાં બાપુ હતા, ત્યારે એક વાર મીર આલમ નામના પઠાણે બાપુને ઠાર મારવાના હેતુથી તેમના પર લાઠીપ્રહાર કર્યા હતા. એ દિવસોમાં બાપુના પરમ મિત્ર કેલનબેક બાપુ સાથે જ રહેતા હતા. આ બનાવ પછી બાપુનું રક્ષણ કરવાનું કામ કોઈને પણ કહ્યા વિના કેલનબેકે પોતે માથે લઈ લીધું. બાપુ જ્યારે કોઈ જાહેર સભામાં જતા, ત્યારે તેમના સંરક્ષક તરીકે કેલનબેક અચૂક તેમની સાથે જતા. એ વખતે કેલનબેક પોતાના પાટલૂનના પાછળના ગજવામાં છૂપી રીતે પિસ્તોલ પણ રાખતા. બાપુને આ વાતની જરાયે ખબર નહોતી.

એક દિવસ કોણ જાણે કેમ બાપુને ખબર પડી ગઈ કે, કેલનબેક એમના અંગરક્ષક તરીકે પોતાની સાથે પિસ્તોલ લઈને ફરે છે અને જાહેર સભાઓમાં પણ પિસ્તોલ સાથે રાખીને આવે છે! આ જાણીને બાપુએ તરત જ કેલનબેકને કહ્યું : 'કાં તો તમારે આ પિસ્તોલનો ત્યાગ કરવો પડશે અથવા તો મારો ત્યાગ. કેમ કે હું ઈશ્વરમાં માનનારો છું. જેને રામ રાખે તેને કોઈ ન ચાખે, એ વચનમાં મારો દ્રઢ વિશ્વાસ છે.' કેલનબેકે બાપુનો ત્યાગ કરવા કરતાં તરત જ પિસ્તોલનો ત્યાગ કર્યો.

### "ત્યાગવા જેવું શું ?"

એક વાર એક બહેને બાપુને કહ્યું : 'બાપુ, મેં પ્રાર્થના કરવાનું છોડી દીધું છે.'

બાપુએ નવાઈ પામીને પૂછ્યું : 'શા માટે ?'

બહેને નિખાલસતાથી કહ્યું: 'કારણ કે હું મારા દિલને છેતરતી હતી! બાપુ, હું પ્રાર્થના રોજ કરવા બેસતી હતી. પણ મારું મન એમાં સ્થિર થતું ન હતું. પ્રાર્થના કરવા બેસું તો મનમાં જે તે વિચારો આવ્યા કરે! એટલે મને થયું કે, પ્રાર્થનામાં જો ઈશ્વરનું ધ્યાન ધરાતું ન હોય તો પ્રાર્થના કરવા બેસવાનો ઢોંગ શા માટે કરવો ? આમ પોતાના દિલને છેતરવું શા માટે ? એના કરતાં પ્રાર્થના ન કરવી એ જ સારું. તેથી મેં પ્રાર્થના કરવાનું છોડી દીધું છે.'

બાપુ એ સાંભળીને બોલ્યા: 'જવાબ તો બરોબર છે. પરંતુ દિલને છેતરવાનું છોડી શકાય, પ્રાર્થનાને શા માટે છોડવી ?'

### "સેવાકાર્ય અને નામસ્મરણ"

એક દિવસ એક ભાઈએ બાપુને પૂછયું:

'બાપુ, સેવાકાર્યના કઠણ પ્રસંગો એ ભગવદ્‌ભક્તિનો નિત્યનિયમ સાચવી ન શકાય તો તેથી કશું નુકસાન ખરું? સેવાકાર્ય અને નામસ્મરણ બેમાં પ્રધાનપદ કોને આપવું ?'

બાપુએ જવાબ આપતાં કહ્યું: 'કઠણ સેવાકાર્ય હોય કે એથીયે કઠણ પ્રસંગ હોય તોયે ભગવત્‌ભક્તિ એટલે કે રામનામ બંધ થઈ જ ન શકે. નામસ્મરણનું બાહ્ય સ્વરૂપ પ્રસંગ પ્રમાણે બદલાતું રહેશે. રામનામ હૃદયમાં અંકિત થઈ ચૂક્યું, પછી થોડું માળા છોડવાથી છૂટવાનું છે ?'

'રામનામ નિષ્ફળ જાય નહિ. નિષ્ફળતાનો અર્થ એટલો જ કે આપણામાં જ કંઈ ખામી છે.

નિષ્ફળતાનું કારણ આપણે આપણી અંદર શોધવું જોઈએ.' **- સંકલન: ભદ્રાયુ વછરાજાની**

**ગાવો વિશ્વસ્ય માતર઼:**

## તકને ઓળખો...

વર્ષો પહેલાંની વાત છે. એક રાજ્યમાં રાજાએ નગરના મુખ્ય રસ્તા પર બધાને નડતરરૂપ થાય એ રીતે એક મોટો પથ્થર મૂકી દીધો. લોકોની પ્રતિક્રિયા જોવા માટે રાજા એક મોટા ઝાડની પાછળ વેશપલટો કરીને સંતાઈ ગયો.

પથ્થર રસ્તાની વચ્ચે પડેલો હોવાથી ત્યાંથી પસાર થતા બધા જ રાહદારીઓને ખૂબ નડતો હતો. બધા પોતાનો બળાપો કાઢતા હતા. કોઈ રાજાને ગાળો આપતા તો કોઈ અધિકારીઓને ગાળો આપતા. પથ્થરની બાજુમાંથી બડબડ કરતા પસાર થઈ જતાં પણ કોઈ પથ્થરને ઉપાડીને એક બાજુ નહોતા મૂકતા.

એક સાવ સામાન્ય મજૂર જેવો માણસ પોતાના ખભા પર મોટો ભાર લઈને જતો હતો. એણે આ પથ્થર જોયો એટલે એ ઊભો રહી ગયો. પોતાના ખભા પરનો ભાર બાજુમાં મૂકીને એ પથ્થરને હટાવવાનો પ્રયાસ કરવા લાગ્યો. આસપાસથી પસાર થતા લોકોમાંથી કોઈ એમની મદદ કરવા માટે નહોતું આવ્યું.હિંમત હાર્યા વગર એણે પોતાના પ્રયાસો ચાલુ રાખ્યા અને અંતે એણે એ પથ્થરને હટાવ્યો. પથ્થરની નીચે એક નાની થેલી હતી. એણે એ થેલીમાં જોયું તો થોડા સોનાના સિક્કા અને એક ચીઠી હતી. ચીઠી હાથમાં લઈને વાંચવાની ચાલુ કરી એમાં લખ્યું હતું, ''આ પથ્થર હટાવનાર મારા નગરના આદર્શ અને મહેનતકશ નાગરિકને નાની એવી ભેટ.''

જીવનમાં આવતી દરેક અડચણો સ્થિતિ સુધારવા માટેની એક ઉમદા તક પૂરી પાડે છે. - **પરિત્રાણ**

## પુસ્તક સ્વીકાર

**''આપણાં આરોગ્ય તીર્થ''**

સંપાદક : પ્રવીણચંદ્ર ઠક્કર
કુલ પાના ૧૨૮, સહયોગ રાશિ રૂા.૭૦/-
પ્રકાશક : જયશ્રીબેન દેવચંદ સાવલિયા
વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ
C/o. બાળ કેળવણી મંદીર,
બગસરા, જિલ્લો અમરેલી
પીન કોડ ૩૬૫૪૪૦
ફોન : (૦૨૭૯૬) ૨૨ ૨૪૭૯

(આરોગ્ય ક્ષેત્રે કામગીરી કરતી ૪૮ જેટલી સંસ્થાઓ વિશેની અત્યંત ઉપયોગી જાણકારી આ પુસ્તકમાં છે. - **સંપાદક**)

## ''મિચ્છામિ દુક્કડમ્''

**વીતેલા વર્ષ દરમ્યાન અમારા દ્વારા આપનું મન:દુખ થયું હોય તો અમે હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. આપ સર્વેને અમારા મિચ્છામિ દુક્કડમ્ - તંત્રી અને સંપાદક મંડળ**

## જીવનનો સ્રોત

ન કહો દુ:ખી સ્વરોમાં કે,
જીવન એક નાશવંત સમણું છે,
ન કહો આત્મા મૃત અને નાશવંત છે,
અને જે દેખાય છે, તે પણ ક્યાં આપણું છે.

અરે, જીવન એક સત્ય છે, ગંભીર સચ્ચાઈ છે,
જેનું લક્ષ્ય જીવનનો અંત નથી.
દૂર કરો મોહમાયાના પડદા, દૂર કરો અજ્ઞાનનાં આવરણ
કરો જાગ્રત સારા-નરસાની વિવેકબુદ્ધિ.

જીવન તો સંગ્રામ છે,
પશુની જેમ લડાઈ ન લડો.
જીવનની દરેક લડાઈમાં,
એક કર્મવીર નાયક બનો.

દરેક મહાત્મા રાહ ચીંધે છે,
તમારી અંદર પણ એક મહાન આત્માનો વાસ છે.
અમે, તમે પણ છોડી જશો,
સુકર્મોની સુવાસ અને ઓળખશે બધા તમને તમારાં કર્મોથી.

જીવનરૂપી નદીને પાર કરવા ઝઝૂમતા,
કોઈ નિરાશ, નિ:સ્પૃહ, નિ:સ્તબ્ધ ખલાસી માટે
કદાચ તે પ્રેરણા બનશે,
બનશે જીવનનો સ્રોત, આશાનું કિરણ.

**- હેનરી વર્ડસવર્થ લોંગફેલો.**

## લવાજમ મળેલ છે.

૧. શકુન્તલા શાહ મુંબઈ રૂા.૧૦૦/-

### ઓનલાઈન લવાજમ ભરવા માટે

**લવાજમ ખાતાનું નામ : ગોરક્ષા પાત્ર**
**બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા : મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

## અતિખરાબ પણ અંતિમ હોતું નથી

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

એક ધનવાન માણસ હતો. દરિયામાં એકલા ફરવા તેણે બોટ વસાવી હતી. રજાના દિવસે તે પોતાની બોટમાં દરિયો ખૂંદવા નીકળ્યો. મધદરિયે પહોંચ્યો ત્યાં દરિયામાં તોફાન આવ્યું. બોટ ડૂબવા લાગી. બોટ બચવાની કોઈ શક્યતા ન લાગી ત્યારે તેણે લાઈફ જેકેટ પહેરીને દરિયામાં પડતું મૂક્યું. બોટ તો ડૂબી ગઈ. તોફાન પણ શાંત થઈ ગયું.

તરતો તરતો એ માણસ એક ટાપુ પર પહોંચી ગયો. ટાપુ ઉપર કોઈ જ ન હતું. ટાપુની ફરતે ચારે તરફ ઘુઘવાતા દરિયા સિવાય કંઈ જ નજરે પડતું ન હતું. એ માણસે વિચાર્યું કે મેં તો મારી આખી જિંદગીમાં કોઈનું કંઈ બૂરું કર્યું નથી તો પછી મારી હાલત આવી શા માટે થઈ ? તેના પોતાના મને જ જવાબ આપ્યો કે જે ઈશ્વરે તોફાની દરિયાથી તને બચાવ્યો છે એ જ ઈશ્વર કંઈક રસ્તો શોધી આપશે.

દિવસો પસાર થવા લાગ્યા. ટાપુ પર ઉગેલાં ઝાડ-પાન ખાઈને એ માણસ દિવસો પસાર કરતો હતો. થોડા દિવસમાં તેની હાલત બાવા જેવી થઈ ગઈ. ધીમે ધીમે તેની શ્રધ્ધા તુટવા લાગી. ઈશ્વરના અસ્તિત્વ સાથે પણ તેને સવાલો થવા લાગ્યા. ભગવાન જેવું કંઈ છે જ નહી, બાકી મારી હાલત આવી ન થાય.

ટાપુ ઉપર કેટલા દિવસો કાઢવાના છે એ તેને સમજાતું ન હતું. તેને થયું કે લાવ નાનકડું ઝૂંપડું બનાવી લઉં. ઝાડની ડાળી અને પાંદડાંની મદદથી તેણે ઝૂંપડું બનાવ્યું. એને થયું કે, હાશ, આજની રાત આ ઝૂંપડામાં સુવા મળશે. મારે ખુલ્લામાં સૂવું નહીં પડે.

રાત પડી ત્યાં વાતાવરણ બદલાયું. અચાનક વીજળીના કડાકાભડાકા થવા લાગ્યા. ઝૂંપડીમાં સુવા જાય એ પહેલાં જ ઝૂંપડી ઉપર વીજળી પડી. આખી ઝૂંપડી ભડભડ સળગવા લાગી. એ માણસ સળગતી ઝૂંપડી જોઈ ભાંગી પડ્યો. ઈશ્વરને મનોમન ભાંડવા લાગ્યો. તું ઈશ્વર નથી, રાક્ષસ છો, તને દયા જેવું કંઈ નથી. તું અત્યંત ક્રૂર છો.

હતાશ થઈને માથે હાથ દઈને રડતો રડતો એ માણસ બેઠો હતો. અચાનક જ એક બોટ ટાપુના કિનારે આવી. બોટમાંથી ઉતરીને બે માણસો તેની પાસે આવ્યાં. તેણે કહ્યું, અમે તમને બચાવવા આવ્યા છીએ. તમારું સળગતું ઝૂંપડું જોઈને અમને થયું કે આ અવાવરું ટાપુ પર કોઈ ફસાયું છે. તમે ઝૂંપડું સળગાવ્યું ન હોત તો અમને ખબર જ ન પડત કે અહીં કોઈ છે ?

એ માણસની આંખમાં દડદડ આંસુ વહેવા લાગ્યા. ઈશ્વરની માફી માંગી અને કહ્યું કે મને ક્યાં ખબર હતી કે તેં તો મને બચાવવા માટે મારું ઝૂપડું સળગાવ્યું હતું...

કંઈક ખરાબ બને ત્યારે માણસ નાસીપાસ થઈ જાય છે. હેલન કેલરે એક સરસ વાત કરી છે કે, જ્યારે ઈશ્વર સુખનું એક બારણું બંધ કરી દે ત્યારે સાથોસાથ સુખનાં બીજાં બારણાંઓ ખોલી દે છે પણ આપણે મોટાભાગે બંધ થઈ ગયેલા સુખના બારણા તરફ જ જોઈને બેસી રહીએ છીએ. બીજી તરફ નજર જ નાખતા હોતા નથી.

**- કૃષ્ણકાંત ઉન્નડકટ, સૌ. પરિત્રાણ**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**To,**